Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૨ મું. સંવત ૨૦૦૦

અંક ૧ લો. શ્રાવણ : ઑગસ્ટ

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


૧. આ સભા તથા આત્માનંદ પ્રકાશ માટે અભિનંદન ... ... ૧
૨. નૂતન વર્ષાભિનંદન ... ... ૨
૩. નૂતનવર્ષનું મંગલમય વિધાન ... ૩
૪. પ્રમાદમિમાંસા ... ... ૧૦
૫. સમ્યગ્‌દર્શન વિષે પ્રકીર્ણ જ્ઞેય ... ૧૩
૬. ગુજરાતી સાહિત્યના બ્રહ્માઓ ... ૧૫
૭. અહિંસાનો આદર્શ ... ... ૧૮
૮. વર્તમાન સમાચાર બીકાનેર સંબંધી. અમારા માનવંતા પેટ્રન સાહેબ એક દાનવીર જૈન નરરત્નનો સ્વર્ગવાસ ... ... ... ૨૦


### નવા થયેલા માનવંતા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી કમળાબ્હેન રતનચંદ સુતરીયા એમ. એ. | લાઈફ મેમ્બર | અમદાવાદ. |
| ૨. | શેઠ સવાઈલાલ કેશવલાલ | ,, | મુંબઈ. |
| ૩ | શા મણિલાલ મૂળજીભાઇ | ,, | ભાવનગર. |
| ૪. | પારેખ ત્રિભુવનદાસ દુર્લભદાસ | ,, | ,, |

### શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને ભેટની બુકો.

અમારા માનવંતા જે જે ગ્રાહકોએ ૪૧-૪૨ મા વર્ષનું લવાજમ મોકલવા વી. પી. સ્વીકારી લીધું છે તેમનો આભાર માનીયે છીયે પરંતુ બાર માસ ગ્રાહક રહી લવાજમ વસુલ કરવા વી. પી. પાછું વાળી અને પત્રદ્વારા હવે પછી આત્માનંદ પ્રકાશ નહિં મોકલવા જણાવનાર જે જે ગ્રાહકોએ વી. પી નકામું પાછું વાળી જ્ઞાન ખાતાને અયોગ્ય રીતે નુકશાન કર્યું છે; જેથી કાંતો લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું અથવા વી. પી. કરી મોકલવા અમોને જણાવવું. સિવાય જ્ઞાનખાતાના દેવાદાર તે ગ્રાહકો એ રહેવું યોગ્ય નથી.

### શ્રીમાન દેવભદ્રાચાર્ય કૃત—

## તૈયાર છે ! ॥ श्री कथारत्न कोष ॥(कहारयण कोसो) તૈયાર છે ! !

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૮ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલો છે; તે તાડપત્રની પ્રાયઃ જીર્ણ થયેલ પ્રત **શ્રી ખંભાતના પ્રાચીન જૈન ભંડારમાં** માત્ર એક જ હતી, આવી ઘણી જ પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે **સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી એવા મહા મૂલ્યવાન જુદા જુદા **૫૦ જૈનધર્મના તત્ત્વ જ્ઞાન અને બીજા** જાણવા લાયક વિષયો ઉપર અનેક **અનુપમ કથારૂપી રત્ન ભંડાર** આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે તેમ પુરવાર થયેલ છે. અંદર આવેલા વિષયો અને કથાઓ તદ્દન નવીન, અને ઘણી તો બીલકુલ નહીં પ્રગટ થયેલી, ફોર્મ ૬૬ **પાના ૮૦૦ આઠસેંહ** ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઇઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઈપથી **પ્રતાકારે** છપાવવામાં આવેલ છે, કાગળના આજે આઠ ગણા ભાવ વધેલા હોવા છતાં ગયા અંકમાં જણાવેલી છે તે કરતાં ઓછી કિંમત બ્લુ લેઝર પેપરની કોપીના રૂા. ૧૦-૦-૦ અને ઉંચા ટકાઉ ગ્લેઈઝ પેપરની કિંમત રૂા. ૮-૮-૦ ઓછી-મધ્યમ કરેલી છે. પોસ્ટેજ અલગ. આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૪૨ મું : આત્મ સં. ૪૮ વિક્રમ સં. ૨૦૦૦ : શ્રાવણ :
અંક : ૧ લો : વીર સં. ૨૪૭૦ ઇ. સ. ૧૯૪૪ : ઑગસ્ટ :

**શ્રી આત્માનંદ સભા અને માસિક માટે**

# અભિનંદન

તા. ૧૩–૭–૪૪
આંબલી પોળ, ઝવેરીવાડ
**અમદાવાદ.**

જૈનાગમાનુસારી અત્યુપયોગી જૈન સાહિત્યને પ્રકાશમાં લાવનાર તમારી સભા, તેમજ સત્સંસ્કાર અને જિનેશ્વરોના સદ્બોધને દરેક માનવહૃદયમાં પ્રકાશ આપનાર આત્માનંદ પ્રકાશ માસિક પત્રિકા **૪૨** મા વર્ષમાં પ્રવેશ કરી જગતમાં ફેલાએલ જડતા, ક્રૂરતા હઠાવવા પ્રયત્ન કરે, નવીન મતપંથોની વિષમ જ્વાળાને સમાવવા સુધા સમી દરેક જૈનને મદદરૂપ બને. યુગપ્રધાન મહાન્ આચાર્યપ્રવર **વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી) મહાપુરુષે તે કાળમાં જૈનધર્મની, જૈન સિદ્ધાંતોની તેમજ આચાર્યોની શુદ્ધ પરંપરાની શ્રદ્ધાપૂર્ણ રક્ષા કરી છે. કુમતવાદ, જડવાદ હઠાવવા પ્રખર સામનો વાણીદ્વારા તેમજ લેખનદ્વારા કર્યો હતો. મૂર્તિપૂજા, જિનેશ્વરની ભક્તિ, સદ્ગુરુની સાચી ઓળખાણ તથા આચાર્યોના ગ્રંથસંદર્ભની શ્રેષ્ઠતા વિગેરેને પોતાના નિર્મળ ચારિત્ર અને પ્રખર પાંડિત્યદ્વારા જગતમાં સિદ્ધ કરી બતાવ્યાં. ભવ્ય આત્માઓને જૈનધર્મમાં સુસ્થિર બનાવ્યા હતા. પંજાબમાં જૈનધર્મની મહાઉન્નતિ કરી હતી. તે મહાપુરુષે કરેલ શાસન–સેવાની સ્મૃતિરૂપે આત્માનંદ સભા અને આત્માનંદ પ્રકાશ હંમેશા દરેકના હૃદયમાં દિવ્ય પ્રકાશ પાડવા નિરંતર પ્રયત્નશીલ રહે. તમારા દરેકના (કાર્યકરોના) જીવન નિરંતર વીતરાગ તત્ત્વપૂર્ણ વિશુદ્ધ બનો અને નિરંતર શુભ કાર્ય કરતા રહો. સર્વત્ર જિનેશ્વરોના તેમજ જૈનાચાર્યોના શુદ્ધ તત્ત્વોનો પ્રકાશ અને પ્રચાર કરવામાં નિમિત્તરૂપ બનો. એજ ૐ શાંતિ :

લી૦ મુનિ શ્રી **હેમેન્દ્રસાગરના** ધર્મલાભ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतनवर्षाभिनंदन

દોહરા— અહો ! ધન્ય દિન આજનો, પ્રણમું શ્રી પરમેશ;
"**બેંતાળીશમા**" વર્ષમાં, પ્રેમે કરું પ્રવેશ. ૧
જિનશાસન સમૃદ્ધ હો, મુજ કાર્યોનું કેન્દ્ર;
આરાધું આરંભમાં, જય જય દેવ **जिनेन्द्र**. ૨

હરિગીત છંદ.

આશ્રય વિના શોભે નહીં, **वनिता, लता, कविता, सभा,**
એ ચારને આશ્રય મળ્યેથી, પ્રૌઢ પામે છે પ્રભા;
વિદ્યારૂપી હું છઉં લતા, ગ્રાહકવડે રંગે રમું,
**सुखशांति** આપો શ્રી પ્રભુ, આ વર્ષ **बैंताळीशमुं**. ૧
મુજ બાળપણુ વિતી ગયું, યૌવન ખીલ્યું છે અંગમાં,
ગુણવંત મારા **ग्राहकोथी,** નિત્ય નવલા રંગમાં;
લેખો લલિત વંચાવીને, વાચકતણા હૃદયે ગમું,
**सुखशांति** આપો શ્રી પ્રભુ, આ વર્ષ **बैंताळीशमुं**. ૨
શિક્ષક મળ્યા રક્ષક સમા, શ્રી પ્રમુખ **सेक्रेटरीओ,**
વળી શુદ્ધ જ્ઞાન પ્રવાહ, મુનિવર-સંત-ભક્તે પ્રેરીયો;
એ પૂજ્ય શાણા લેખકોના, ચરણમાં આજે નમું,
**सुखशांति** આપો શ્રી પ્રભુ, આ વર્ષ **बैंताळीशमुं**. ૩
**पेट्रन** મળ્યા પરમાર્થીઓ, મહાશય મળ્યા છે **मेम्बरो,**
એ સર્વની શુભ સાહ્યથી, વહેતો સદા અમૃત ઝરો;
**सद्धर्म** ને **सत्कर्म**રૂપી, ભોજનો ભાવે જમું,
**सुखशांति** આપો શ્રી પ્રભુ, આ વર્ષ **बैंताळीशमुं**. ૪
મહા જુલ્મ જેવી **मोंघवारी,** ચોતરફ ફેલી રહી,
લેખનતણાં સૌ સાધનોમાં, એ પીડા આપે સહી;
તો પણ **लवाजम प ज राख्युं,** ખોટનો ભાર જ ખમું,
**सुखशांति** આપો શ્રી પ્રભુ, આ વર્ષ **बैंताळीशमुं**. ૫
ગ્રંથો નવા પ્રગટાવું છું, વિદ્વાનની વાણીતણા,
ભાષાંતરો પણ ભવ્ય ગ્રંથોનાં, રચાવું છું ઘણાં;
વળી જપ-તપો-તહેવાર ઉત્સવ, કાર્ય કરું છું કારમું,
**सुखशांति** આપો શ્રી પ્રભુ, આ વર્ષ **बैंताळीशमुं**. ૬

દોહરા— સભારૂપી આ વૃક્ષની, ડાળ્યો પુષ્પભરિત;
ફેલી દેશ-વિદેશમાં, સૌરભવંતી નિત્ય. ૧
બેંતાળીશમું વર્ષ હો, અવિચ્છિન્ન આબાદ;
યથાશક્તિ સેવા કરી, આપીશ નવલા સ્વાદ. ૨

લી૦ ગુણગ્રાહક—
**રેવાશંકર વાલજી બધેકા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षनुं मंगळमय विधान

**પ્રવેશ—**

જે પવિત્ર માસમાં બાલબ્રહ્મચારી **શ્રી નેમિનાથજી**ની માંગલિક જન્મતિથિ છે તેમ જ વાર્ષિક ખમતખામણા માટે, ગૃહસ્થો અને સાધુજનો માટે આરાધના નિમિત્તે પર્યુષણ પર્વારાધનની શરૂઆત થાય છે તે **શ્રા**વણ માસની મંગલમય પ્રભાતે રાજનૈતિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને સામાજિક વાતાવરણવાળા સમગ્ર વિશ્વના ( Cosmos ) પરિવર્તનકાળે **સિદ્ધ**પરમાત્માને નમન કરી, **ગૌ**તમાદિ મુનિજનો તથા જેમના પુણ્યનામ સાથે પ્રસ્તુત સભાનું નામ જોડાયલું છે તે શ્રી **વિજયાનંદ**-સૂરીશ્વરને વંદન કરી-**धम्मो मंगलमुक्किट्ठं**-ઉત્કૃષ્ટ મંગલમય ધર્મ-અહિંસા, સંયમ અને તપ પદને-નમસ્કાર કરી **આત્માનંદ પ્રકાશ** ૪૨ મા વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરતાંની સાથે સ્વગત પ્રશ્ન પૂછે છે કે-વય વધતાંની સાથે મેં મારું સ્થાન જૈન સૃષ્ટિમાં યથાસ્થિત જાળવી રાખ્યું છે કે કેમ ? વયજનિત અનુભવની વૃદ્ધિ સાથે મારા નામની સાર્થકતા કરી છે ? જૈન દષ્ટિએ પાંચ કારણોથી નિષ્પન્ન થતા કાર્યમાં ઉદ્યમની મુખ્યતા કરી પ્રગતિ ( evolution ) કરવામાં યથાર્થ ભાગ ભજવ્યો છે ? સંસારચક્રમાં ( Cycle of existence ) જન્મ અને મૃત્યુ અનિવાર્ય અને સહજ છતાં આત્માના અનાદિ અનંતપણા તરફ લક્ષ્ય રાખી માનવ વાચકોની **दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**-દર્શન જ્ઞાન ચારિત્રરૂપ મુક્તિમાર્ગની પ્રસ્થાનત્રયીને યોગ્ય આત્માને તૈયાર કરી સ્વાવલંબનપૂર્વક ( self-reliance ) પુરુષાર્થ-પરાયણ કરવા પ્રેરણા કરી છે ? આત્મજાગૃતિને લગતા આ અને આવા પ્રશ્નોથી સ્વયંસ્ફૂર્તિથી સમાધાન મેળવી લે છે કે ઉપરોક્ત બાબતોમાંથી થોડે ઘણે અંશે મારાથી બની શકયું છે તેથી સંતોષનું આશ્વાસન લઇ સ્વીકૃત કાર્ય વધારે વિશેષ બળથી કરી શકાય અને ગત દિવસોના શુભાશુભ કૃત્યોનું તારણ કરી, નવી બેલેન્સ મૂકી, વધઘટનો હિસાબ નક્કી કરી નૂતન વર્ષમાં આત્માને માટે હિતકારક કઇ પદ્ધતિ શ્રેષ્ઠ છે ? તે પ્રમાણે અમલમાં મૂકવા પ્રયત્ન કરાય એવી ધારણા સાથે પ્રસ્તુત પત્ર શુભ આરંભ કરે છે.

**સંજ્ઞા-એક પ્રેરણા—**

૪૨ ની સંજ્ઞા, એ જૈન દષ્ટિએ પુણ્યકર્મના ભેદોની સંખ્યા છે; પુણ્ય કર્મ આત્માને દેવત્વ, લક્ષ્મી, પુત્ર પરિવાર વગેરે ઇષ્ટ સુખો અપાવે છે; પરંતુ ખાસ કરીને પુણ્યાનુબંધી પુણ્ય એ એવી વસ્તુ છે કે જે પુણ્યના સાધનો દ્વારા-પ્રભુભક્તિ અને અન્ય ધર્મક્રિયાઓ દ્વારા-આત્માને આનુષંગિક રીતે સાતાવેદનીય અને અન્ય ઇષ્ટ સુખો આપી સાધ્યબિંદુ ( point of view ) મુક્તિની પ્રાપ્તિ તરફ રાખી સિદ્ધિ-ગમનની નજીક આત્માને મૂકી દે છે અને આત્મા પરિણામે ' શુભ ' કાર્યો કરતો કરતો આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળની વૃદ્ધિ થતાં નિર્જરા કરતાં ' શુદ્ધ ' બની જાય છે. ગણિતની દૃષ્ટિએ ૪+૨ ગણુતાં વિશ્વવ્યાપક ષડ્ દ્રવ્યોનું, ૪—૨ વિચારતાં વ્યવહાર અને નિશ્ચય–એ ઉભયના અસ્તિત્વનું, ૪×૨ ગણુતાં આત્મા સાથે અનાદિકાળથી પ્રવાહરૂપે રહેલા અષ્ટકર્મોનું અને ૪÷૨ નું રહસ્ય તપાસતાં પ્રભુએ ઉપદેશેલા સર્વવિરતિ ( સાધુ ) અને દેશવિરતિ ( ગૃહસ્થ ) ધર્મનું સ્મરણ થાય છે. સમગ્ર રીતે વિચારતાં સંજ્ઞા નિર્દેશ કરે છે કે માનવ જન્મ પામી, હેય જ્ઞેય ઉપાદેયનો વિવેક કરી, ' દીર્ઘકાલિકી ' સંજ્ઞાવાળો મનુષ્ય જો જાગૃત ન થાય અને પશુજીવન જીવી અમૂલ્ય માનવ–જન્મ ગુમાવી દે તો તેનાથી બીજું દુર્ભાગ્ય કયું હોઈ શકે ?

## વિશ્વયુદ્ધ અને આંદોલનો—

વર્તમાનમાં લગભગ પાંચ વર્ષો થયાં ચાલી રહેલા યુદ્ધનો પ્રારંભ જર્મનીએ રશીઆને અનુકૂળ બનાવીને ઇંગ્લૅંડ, પૉલૅંડ તથા ફ્રાન્સ સામે લડાઇ જાહેર કરી ત્યારથી થયો; ત્યારપછી અનેક બનાવો બની ગયા; દુશ્મનો મિત્ર બની ગયા; ફ્રાન્સ જર્મનીને શરણે થયું અને અનુકૂળ બની ગયું; બીજી તરફ જર્મનીએ મિત્ર તરીકે ગણાતાં છતાં **રશીઆ** ઉપર પીઠ પાછળનો ઘા કર્યો; આ યુદ્ધ ચાલી રહ્યું છે ત્યાં તો હિંદી**ચીન**, **સીઆમ** અને **બ્રહ્મદેશ** વગેરે પૂર્વ પ્રદેશો ઉપર જાપાને આધિપત્ય જમાવ્યું; એટલું જ નહિં પરંતુ જર્મનીને પૂરેપૂરી મૂંઝવણમાં મૂકી દીધું છે; આ રીતે મનુષ્ય–સંહારલીલા ભયંકર બની છે; આ બધું વિશ્વની ઘટનામાં શા માટે બની રહ્યું છે ? જૈન દર્શન તેનો ખુલાસો કરે છે કે, વ્યક્તિમાં જેમ હોય છે તેમ સામ્રાજ્યોમાં અનંતાનુબંધી કષાયો ક્રોધ માન માયા લોભ સત્તામાં હતા તે વ્યક્ત થઇ ગયાં છે; આકાશની જેમ સામ્રાજ્યોને અનંત તૃષ્ણા ઉઘડી છે; કર્મના નિયમો વ્યક્તિ તેમ જ સમષ્ટિ સામ્રાજ્યોને સરખી રીતે લાગુ પડે છે; સામુદાયિક રીતે બાંધેલા કર્મો સર્વને સાથે ભોગવવાં પડે છે; કર્મનાં ફળો સામ્રાજ્યો અને તેની પ્રજા ભોગવી રહી છે; કર્મના પરિપાક પ્રમાણે રાષ્ટ્રો પ્રજાઓ કર્મફળ ભોગવી રહ્યાં છે; પરંતુ આ યુદ્ધમાંથી સાર ગ્રહણ કરી માનવસમૂહ પોતાની ભૂતકાળની ભૂલો અને પાપનો પશ્ચાત્તાપ ન કરે અને પોતાના સંબંધો માનવહિતની ભૂમિકા ઉપર ન સ્થાપે તો આ સંહાર નિરર્થક બને; પરંતુ વિશ્વની નાનામાં નાની ઘટના કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મના નિયમની બહાર નથી; તો જ રાત્રિ પછી દિવસના ચક્રની જેમ સુખનો દિવસ ઊગશે અને શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે; ઘોર નિરાશા વચ્ચે પણ આપણે આશાને વળગી રહીએ અને દુનીઆના નવરચનાના સ્વપ્નને સાચું પાડવા પાછળ આપણાથી બને તેટલો પણ ફાળો વિચાર, વાણી અને વર્તનદ્વારા આપીએ.

## સંસ્મરણો—

ગત વર્ષમાં મહાત્મા **ગાંધીજીને** જેલ-મુક્તિ મળી છે; કારોબારી સમિતિના મુખ્ય જવાહીરલાલ વગેરેને સરકારે છોડ્યા નથી.

ગત વર્ષમાં **લખનૌ** મુકામે મળેલી **દિગંબર** જૈન પરિષદમાં અખંડ જૈન સમાજના નિર્માણ માટે પ્રમુખપદેથી શ્રી **શાંતિ**પ્રસાદજીએ વિદ્વત્તા-ભર્યું વ્યાખ્યાન આપ્યું હતું; કલકત્તાના પ્રસિદ્ધ ભારતીય મહાવિદ્યાલયમાં જૈનધર્મના અધ્યયનનો એમણે પ્રારંભ કરાવેલો છે. તેમ જ જૈન ધર્મ ઉપર વિદ્વાનોદ્વારા વ્યાખ્યાનો અપાય છે અને સાહિત્યપ્રકાશન પણ થાય છે; સ્વ. પૂ. યોગનિષ્ઠ આ. શ્રી **શાંતિ**સૂરિના સ્વર્ગવાસ નિમિત્તે તેમની યાદગિરીમાં માંડોલી મુકામે સવાલાખ રૂપીઆના ફાળાથી વિશ્વવિદ્યાલય-( university )નો પાયો નાખવાની શરૂઆત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ હતી; જૈન યુવકસંઘના સેક્રેટરી શ્રી મણિલાલ મહોકમચંદને તેમની સાર્વજનિક સેવા બદલ રૂ. ૧૩૮૩૩ની થેલી જૈન યુવકસંઘ તરફથી તેમના સન્માન સમારંભ નિમિત્તે અર્પણ કરવામાં આવી હતી; મણિલાલભાઈએ પણ સદરહુ રકમમાં રૂ. ૧૧૦૦૦)નો ઉમેરો કરી યુવક સંઘની કાર્યવાહી સમિતિને પુસ્તકાલય વગેરે માટે સમર્પણ કર્યાં છે; દિગંબર તીર્થ ગજપંથાજી ઉપર સોલજરોએ કરેલા અત્યાચાર સંબંધમાં મૂર્તિઓ પાછી આવી ગઇ હતી અને એ કરપીણુ કાર્ય કરનાર મુસ્લીમ હવાલદારને દોઢ વર્ષની સજા કરવામાં આવી હતી; બીકાનેર ધારાસભામાં ચંપાલાલજી બાંઠીઆ તરફથી વડોદરાની માફક બાલદીક્ષાપ્રતિબંધક બીલ રજૂ થયું છે; આ બાબતમાં જ્યાં સુધી મુનિસમ્મેલનના ઠરાવનો અમલ સર્વ મુનિઓ તરફથી નહિં થાય ત્યાં સુધી રાજ્યોમાં આવા પ્રતિબંધક બીલો રજૂ થવાના; જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું અખિલ હિંદ સ્થાયી સમિતિનું અધિવેશન સુરતમાં મળી ગયું; જેમાં સ્વમાન અને આત્મપ્રતિષ્ઠાના ભંગના ખ્યાલને બાજુએ રાખી કોન્ફરન્સના કાર્યવાહકોએ ઐકયતા કેમ જલ્દી સ્થપાય તે દૃષ્ટિએ ઐકય સમિતિના બે ઠરાવો કે જેમાં જૈન સિદ્ધાંતથી વિપરીત નહિ લખવાના તેમ જ વડોદરાનો બાલદીક્ષા કાયદો રદ કરાવવાના હતા; એટલે હવે બદલાયેલ વાતાવરણમાં સંગીન સુધારો થવાની આવશ્યકતા રાખવામાં આવે છે; શાસનપ્રેમી પક્ષે હવે ઐકય માટે આગળ આવી જૈન શાસનની છિન્નભિન્ન થયેલી એકતા સાંધી લેવી જોઇએ; પાલીતાણાની ધર્મશાળાઓની વ્યવસ્થાનો પ્રશ્ન રાજ્યે નીમેલી સમિતિએ નિયમાવલિ બહાર પાડી રજૂ કર્યો હતો; સત્તા કે કાયદાના જોરે રાજ્યની દખલગીરીથી વ્યવસ્થા કરવી પડે તે કરતાં શ્રી જૈન સંઘ એકત્રતાથી એ વ્યવસ્થા ઊભી કરે તે ઉચિત છે; આ દિશામાં ધર્મશાળાના આગેવાનો તથા શ્રી જૈન સંઘ વ્યવસ્થા કરવા ઉદ્યુક્ત થયેલ છે તે સંતોષજનક છે; ગત વર્ષમાં દેશભરમાં જુદા જુદા સમ્મેલનો દ્વારા વિક્રમ સંવતની દ્વિસહસ્રાબ્દિ ઉજવાઇ હતી એ નિમિત્તે વિક્રમરાજાનું અસ્તિત્વ તથા ઇતિહાસસિદ્ધ વ્યક્તિની જૈન તરીકેની સિદ્ધિ અનેક લેખો દ્વારા થઇ હતી. શ્રી પ્રભાવક ચરિત્ર વગેરે અનેક કથાનકોમાં બે હજાર વર્ષથી સંવત્સર સાથે જેનું નામ સંકળાયેલું છે તે વિક્રમરાજાની જૈન તરીકેની સિદ્ધિ છે. ગુજરાત સાહિત્યપરિષદનું ૧૫ મું સમ્મેલન વડોદરાખાતે લેડી વિદ્યાબહેનના પ્રમુખપદે થઈ ગયું; તેમાં જૈનો તરફથી પણ થોડા નિબંધો વંચાયા હતા; ખાસ કરીને ગુજરાત યુનિવર્સિટિ સ્થાપવાનો ઠરાવ થયો હતો; ઉજ્જૈનમાં દેશવિરતિ ધર્મારાધક સભાનું ૮મું અધિવેશન નવપદજીની ઓળીના દિવસોમાં શેઠ પુંજાભાઇ દીપચંદના પ્રમુખપદે થયું હતું; પ્રસ્તુત ધર્મક્રિયામાં ભાગ લેવા માટે અનેક મનુષ્યો એકઠા થયા હતા; લોકજીવનની હાડમારીઓ, ચીજોની અછત તેમ જ મોંઘવારીને લગતી મૂંઝવણો ગતવર્ષથી ખૂબ વધતી આવી છે; ગત વર્ષના પશ્ચાદર્ધમાં આપણી કલ્પનામાં કદી ન આવે એવા ભૂખમરાએ બંગાલમાંથી હજારો માણસોના પ્રાણ લીધા છે અને સંખ્યાબંધ માણસોનો મેલેરીઆ ઈન્ફલ્યુએન્ઝા વગેરે વ્યાધિઓએ ભોગ લીધો છે.

તિથિચર્ચાનો પ્રશ્ન પંચ તરફથી ફેંસલો આવતાં વધારે ઉગ્ર બન્યો છે તેથી અમારી અંગત માન્યતા પ્રમાણે તિથિચર્ચાનો વિષય એ જૈન સમાજના સકળ સંઘની મીલ્કત છે; જેથી એ નિર્ણય જૈનેતર વ્યક્તિ કરતાં સાધુ સમ્મેલનપૂર્વક ચતુર્વિધ સંઘ કરે ત્યારે જ સર્વમાન્ય થઇ શકે; તા. ૧૪-૪-૪૪ મુંબઈમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગત વર્ષમાં ભયંકર અગ્નિસ્ફોટ થયો; જેના પરિણામે સંખ્યાબંધ કુટુંબો ઘરબાર વિનાના થઇ પડ્યા; ગઇકાલના લક્ષાધિપતિઓ ઘડી બે ઘડીમાં પહેરેલા કપડાંના માલીક જેવા બની ગયા; અને મીલ્કતનું તો ન માપી શકાય તેવું નુકશાન થયું. તે પ્રસંગે મુંબઈની જુદી જુદી સંસ્થાઓએ વ્યવસ્થાપૂર્વક રાહતકેંદ્રો ખોલી, કોમી ભેદભાવ ભૂલી જૈન સમાજના ગૌરવમાં વધારો કર્યો હતો; મુંબઇની જનતાએ પણ દ્રવ્યનો વરસાદ વરસાવ્યો હતો; ગતવર્ષમાં તાલધ્વજ ગિરિમાં વિદ્યાર્થીગૃહનું ઉદ્‌ઘાટન દબદબાપૂર્વક રા. **મો**હનલાલ **તા**રાચંદના પ્રમુખપદે થયું હતું; મ૦ **શ્રી કૃ**ષ્ણકુમારસિંહજી પણ પધાર્યા હતા; મુંબઇમાં કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન થવાની શરૂઆત થઇ છે; લગભગ લાખ રૂપીઆ ઉપરાંત ફંડ થયેલ છે; બીકાનેરમાં આ. શ્રી વલ્લભસૂરિજીના નેતૃત્વ નીચે દર્શન જ્ઞાન ચારિત્રનાં અનેક પ્રભાવિક કાર્યો થયાં હતાં; તેમની જન્મ જયંતી પણ ઉજવાઇ હતી; આ૦ શ્રી વલ્લભસૂરિજીના જીવનપ્રસંગોનો ૧ લો વિભાગ પુસ્તકાકારે બહાર પડી ચૂકયો છે; ગતવર્ષમાં શેઠ ભોગીલાલ મગનલાલ મીલવાળાને મુખ્ય દિવાન સાહેબ **અ**નંતરાયભાઈ પટ્ટણીના અધ્યક્ષપણા નીચે શ્રી જૈન **આ**ત્માનંદ સભામાં માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો; તેઓએ જનસમાજના ઉદ્ધાર માટે પોતાની મીલમાં દવાખાનું, પ્રસૂતિગૃહ વિગેરે કાર્યો કરેલ છે. તેમ જ કલકત્તાના ભૂખમરા અને મરણની કરુણકથા સાંભળી બાર હજારની રકમ આપી ફંડની શરૂઆત કરી હતી; તે પ્રસંગે મે. દિવાન સાહેબે તથા રા. વલ્લભદાસભાઇએ યથોચિત વિવેચન કર્યાં હતાં અને મે. દિવાન સાહેબને હાથે રૂપાનાં કાસ્કેટ સાથે માનપત્ર સમર્પણ થયું હતું; ત્યાર પછી બીજી વખત જ્યારે તેઓએ નિવૃત્તિપરાયણતા સ્વીકારી પોતાના પુત્ર **ર**મણિકલાલભાઇને પોતાની જગ્યાએ મીલમેનેજર તરીકે નીમ્યા ત્યારે જાહેર મેળાવડો મહાલક્ષ્મી મીલના ચોગાનમાં થયો હતો અને જાહેરમાં પોતાનો ઔદ્યોગિક વારસો સ્વપુત્રને સોંપ્યો હતો; એમણે ખુશાલી નિમિત્તે ચાર હજારની રકમ સભાને આપી છે. અને પિતા-પુત્ર બન્ને આ સભાના પેટ્રન થયા છે; ગત વર્ષમાં મ૦ ગાંધીજીના પત્ની કસ્તુરબાનું ખેદજનક અવસાન જેલમાં થયું છે; તેમને માટે પંચોતેર લાખનું ફંડ સ્મારકનિધિ તરીકે થવાનું છે; જેનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારોમાં સ્ત્રીઓ માટે આધારગૃહો વગેરે ઉત્પન્ન કરવામાં થશે તેમ જાહેર કરવામાં આવ્યું છે. શ્રી તાલધ્વજગિરિ જીર્ણોદ્ધારનું ભવ્ય કાર્ય તથા બાવનઃજિનાલયનું મંદિર કરવાનો નિર્ણય થયો છે; આ સંબંધમાં શેઠશ્રી **ભો**ગીલાલ **મ**ગનલાલના પ્રમુખપણા નીચે વહોરા શ્રી **ખાં**તિલાલ **અ**મરચંદ દેખરેખપૂર્વક સારો રસ લઇ રહ્યા છે.

## દિલગીરી—

પં. મ૦ સુમતિવિજયજી, તપસ્વી મુ૦ શ્રી વિવેકવિજયજી, યોગનિષ્ઠ મુ૦ શ્રી શાંતિસૂરિજી, વિદ્વાન મુ૦ શ્રી દેવચંદ્રજી વગેરે મુનિરાજો ગતવર્ષમાં સ્વર્ગવાસી થયા છે; આ સભાના માનનીય સેક્રેટરી શેઠ હરજીવનદાસ દીપચંદ કે જેમણે ચોત્રીશ વર્ષના લાંબા સમય સુધી સેક્રેટરી તરીકે સેવા બજાવી હતી તેમ જ આ સભાના માનવંતા પેટ્રન બાબુ સાહેબ બહાદુરસિંહજી સિંઘી અને માનવંતા લાઇફ મેમ્બરો જેઓનો સ્વર્ગવાસ થયો છે તેની નોંધ માસિકમાં લેવાય છે.

## લેખદર્શન—

ગત વર્ષમાં કુલ ૮૮ મુખ્ય વિષયના ગદ્ય-પદ્ય લેખો આપવામાં આવ્યા છે; તેમાં ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદ્ય, ૧ અપદ્યાગદ્ય અને ૨ સંસ્કૃત મળી કુલ ૩૩ પદ્ય લેખો અને ૫૫ ગદ્ય લેખોનો સમાવેશ થાય છે; સંસ્કૃતમાં આ૦ શ્રી વલ્લભસૂરિજીનું સ્તુત્યષ્ટક શ્રી સાહિત્યસૂરિનું છે.

કવિ **ન્હાના**લાલની શૈલીવાળું 'ચિત્રપટનું' અપદ્યાગદ્ય કાવ્ય શ્રી **હેમેન્દ્ર**સાગરજીનું છે; પદ્ય લેખોમાં પ્રતિમા વગેરે નવ કાવ્યો શ્રી **હેમેન્દ્ર**સાગરજીના છે; શ્રી નેમનાથ સ્તવન, **મ**હાવીર સ્તવન અને ગુરુ શ્રી **વલ્લ**ભસૂરિ કાવ્યો અનુક્રમે મુ૦ **દક્ષ**વિજયજી, **યશો**ભદ્રવિજયજી અને **વિ**નયવિજયજીના છે; 'પ્રભુ ભજન' કાવ્ય **સુ**યશનું, 'દીવાળી સ્તવન' મુ૦ **લક્ષ્મી**સાગરજીનું, 'ભજનપદ' સ્વ. પ્ર૦ **કાં**તિવિજયજી મહારાજનું અને 'ખરેખરો વાંક કોનો છે' કાવ્ય આ૦ શ્રી **વિજયકસ્તૂરસૂરિજીનું** છે; તદુપરાંત 'મંગલદીપક' સંઘવી કેશવલાલ નાગજીનું, **વિજયવલ્લભસૂરિ** કાવ્ય રા. ઝવેરચંદ છગનલાલનું, જ્ઞાનની જ્યોતિ પ્રકટાવો રા. **મુ**મુક્ષુનું, મંગલસ્તુતિ સંસ્કૃત સંગ્રાહક તરીકે **આ**ત્મવલ્લભનું, તથા ધાર્મિક અધ્યાપક **શ્રી રે**વાશંકરભાઇ કવિના સિંહ, મયૂર અને પૃથ્વીને સંબોધનવાળા ત્રણ કાવ્યો તથા નિવાપાંજલિ વગેરે પાંચ કાવ્યો છે. રા. **અ**મરચંદ **મા**વજીના 'આત્માનંદ પ્રકાશ' વગેરે ત્રણ કાવ્યો છે;—આ તમામ કાવ્યો કવિસૃષ્ટિમાં અનેક અંશે નૂતનતા અર્પી રહ્યાં છે. તેમ જ ભિન્ન ભિન્ન રીતે આત્મજાગૃતિ આપી આત્મા વિવિધ સાધનોવડે વૈરાગ્યાદિમાં પ્રગતિ કરી શકે તેની પ્રેરણા ( acceleration ) આપી રહ્યાં છે; ગદ્ય લેખોમાં આ૦ શ્રી **વિજયકસ્તૂરસૂરિ**ના 'સાચો પ્રકાશ' વિગેરે તેર લેખો તત્ત્વજ્ઞાનના મંથનમાંથી વિદ્વત્તાપૂર્ણ ઉદ્ભવેલા છે. મુ૦ **ન્યાય**વિજયજીનો 'સાચા સુખનો અર્થ' લેખ વિદ્વત્તાભરેલો છે; ડૉ. ભગવાનદાસનો 'સિદ્ધ સ્તોત્ર'ના બે લેખો સ્વોપજ્ઞ છે; અને અન્ય અને સ્વદર્શનનો તેમનો તાત્વિક અભ્યાસ સૂચવે છે; રા. **અ**મરચંદ **મા**વજીના ધર્મ વગેરે છ લેખો વાચકોની આત્મિક લાગણીઓને જલ્દી સ્પર્શ કરે છે; જૈનેતર વિદ્વાન રા. ડુંગરશી **ધ**રમશી **સં**પટે 'જૈન મુનિઓ ગુજરાતી સાહિત્યના આદ્ય દ્રષ્ટા છે' એ લેખદ્વારા ઐતિહાસિક દૃષ્ટિ ( historical view ) થી સિદ્ધ કર્યું છે; સંવિજ્ઞપાક્ષિક **મુ૦ પુ**ણ્યવિજયજીએ જૈન દૃષ્ટિની મહત્તાના આઠ લેખો સુંદર ભાષામાં વિદ્વત્તાપૂર્વક રજૂ કર્યાં છે; રા. **જી**વરાજભાઇ દોશી જેમનું વાંચન ઊંડું અને તલસ્પર્શી છે તેમણે પરમાત્મતત્ત્વ વગેરે ચાર લેખોની સામથી વિદ્વદ્ભોગ્ય વાંચન માટે રજૂ કરી છે; રા. **ન્યાલ**ચંદ **લક્ષ્મી**ચંદે જીવનવિકાસ વગેરે લેખો વિવરણાત્મક ( critical ) સરલ ભાષામાં લખેલ છે જે સમાજની ઉન્નતિ માટેના સૂચક છે; મુ૦ **હેમેં**દ્રસાગરજીના 'મહારાજા વિક્રમાદિત્ય' વિગેરે બે લેખો ઐતિહાસિક દૃષ્ટિએ **વિ**ક્રમરાજાના જૈન તરીકેના અસ્તિત્વને સિદ્ધ કરે છે; રા. **મો**હનલાલ ચોકસીના 'સમયં મા પમાયે' વગેરે લેખો કથાનુયોગની સરલતાથી લખાયા છે; મુ૦ **લક્ષ્મી**સાગરજી ક્ષમાના ભંડાર વગેરે લેખો જૈન દર્શનનું ઉપયોગી તત્ત્વ પૂરું પાડે છે. 'પ્રસન્નતાનો' લેખ રા. **અ**ભ્યાસીનો છે; ઉપરાંત વર્તમાન સમાચારના નવ લેખો, સન્માન સમારંભનો લેખ અને **નૂ**તનવર્ષનું મંગલમય વિધાનનો લેખ સભા તરફથી આપવામાં આવ્યા છે;—આ તમામ લેખોનું અતિશયોક્તિભરેલું વિવેચન નહિ કરતાં તે તે લેખોના વાંચનનું પરિણામ વાંચકોના પારિણામિક આદિ ભાવો ( states of souls )ને સમર્પણ કરીએ છીએ તેમ જ તેવા સુંદર લેખો આવવાથી સમાજના સુંદર અભિપ્રાયો પડેલા છે તે આનંદનો વિષય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અભિલાષા

નવીન વર્ષમાં શુદ્ધ દેવગુરુધર્મની શ્રદ્ધાપૂર્વક આધ્યાત્મિક જીવનબળની પ્રગતિ થાય તેવી સુંદર શૈલીથી લેખો આપવા ઇચ્છા રાખેલી છે; આ અને આગામી જન્મો માટે શુભ સંસ્કારો સમૃદ્ધ કરવા શ્રવણુ મનન અને નિદિધ્યાસનની જરૂર છે અને તે શાસ્ત્રાનુસારી લેખો દ્વારા સિદ્ધ થઇ શકે છે; ઉપરોક્ત હેતુને સિદ્ધ કરનાર લેખો માટેની અમારી ભાવનાની સફળતા સાક્ષર લેખકો ઉપર નિર્ભર છે; પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર પૂજ્ય મુનિશ્રીઓનો તેમ જ અન્ય સાક્ષર ગૃહસ્થ લેખકોનો આભાર માનીએ છીએ અને નવીન વર્ષમાં અમારી ભાવનાને સવિશેષ વેગ મળે તેવી રીતે સહાયભૂત થવા અન્ય સાક્ષર લેખકોને નિમંત્રીએ છીએ; ગતવર્ષમાં સીરીઝના ગ્રંથ તરીકે શ્રી **આદિનાથચરિત્ર** ભાષાંતર બહાર પડી ચૂકયું છે; છપાતા ગુજરાતી ગ્રંથોમાં શ્રી **પાર્શ્વ**નાથ પ્રભુનું જીવનચરિત્ર, **સુ**મતિનાથ પ્રભુનું જીવનચરિત્ર; કથારત્નકોશ, ભગવાન **મ**હાવીરની મહાદેવીઓ અને **સં**ઘપતિચરિત્ર– વગેરે છે; સંસ્કૃત ગ્રંથોમાં બૃહત્કલ્પસૂત્ર ભાગ છઠ્ઠો, પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકા અને ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨–૬ સુધીના છે; ખાસ કરીને સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોની પ્રસિદ્ધિ માટે સ્વ૦ પૂ૦ પ્ર૦ શ્રી કાંતિવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુ૦ પુણ્યવિજયજીનો અપૂર્વ પ્રયત્ન અને કિંમતી ફાળો છે, હજી પણ અપૂર્વ પ્રાચીન સાહિત્યનું સંશોધન અને પ્રકાશન શરૂ છે તેથી સભા તેમની અતિ ઋણી છે. ભેટના ગ્રંથનો ગતવર્ષ માટેના સમ્યક્ત્વસ્વરૂપ વગેરે ચાર મુકરર કરેલ છે; અમારી અપૂર્ણતા પણ અમારા ખ્યાલ બહાર નથી; મનુષ્ય માત્ર ઉત્થાન અને પતનથી જ પ્રગતિ કરી શકે છે તેમ અમો પણ કુદરતના નિયમથી અલગ નથી તેનું અમોને ભાન છે; અમારું વર્ષો થયાં રચનાત્મક ( Constructive ) કાર્યમય જીવન ચાલુ રહેલું છે અને રહેશે.

## ઉપસંહાર–પ્રાર્થના

કવિસમ્રાટ્ શ્રી **રવીંદ્ર**નાથ ટાગોરે પોતાના એક લેખમાં કહ્યું છે કે ‘ આપણે અનંતના સંતાન છીએ એટલે લાંબા વખત સુધી આપણી આધ્યાત્મિક દુર્બળતા રહે છે; ડગલે ને પગલે આપણને દુ:ખ પડે છે; કષ્ટ વેઠવાં પડે છે; આપણું પતન થાય છે પણ એ જ આપણું સૌભાગ્ય છે; એ જ આપણું ચિરજીવનનું લક્ષણ છે; એ જ આપણને કહે છે કે હજી આપણી બુદ્ધિ અને વિકાસનો અંત આવી ગયો નથી. ’ આ નિવેદન સાથે શ્રી ઉમાસ્વાતિ વાચકના શ્રી **વ**ર્ધમાનસ્વામી પરત્વેના–‘ **भावितभावो भवेष्वनेकेषु** ’–અનેક જન્મોમાં જેમના આત્માનો વિકાસક્રમ ( Law of evolution ) સધાયો હતો–ઉદ્ગારોનું સામ્ય સમજાશે ત્યારે દરેક વ્યક્તિનું ધાર્મિક જીવન યોગના અસંખ્ય પ્રકારોની જેમ અસંખ્ય ભેદોવાળું જણાશે; પ્રાણીઓની ઇચ્છાઓ અનંતી છે. પણ તે સર્વ ઇચ્છાઓને ધર્મ અર્થ કામ અને મોક્ષરૂપ ચાર વર્ગોમાં કેંદ્રિત કરવામાં આવેલી છે. પરંતુ તેમાં ધર્મવડે અર્થ અને કામ અવાંતર મળે છે જ્યારે મુક્તિરૂપ સાધ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે; તેમાં પણ શ્રીમાન્ હરિભદ્રસૂરિના ધર્મબિંદુનાં કથન મુજબ વિચારધર્મ અને અનુષ્ઠાનધર્મથી આગળ વધી સ્વરૂપ ( આત્મ પરિણુતિ ) ધર્મની પ્રાપ્તિ થાય ત્યારે જ મુક્તિ નજીક આવે છે; પાંચે કારણોમાં ખાસ કરીને નિગોદથી મનુષ્યજીવન પર્યંત ભવિતવ્યતાની મુખ્યતા હોય છે. અને મનુષ્યજીવનમાં માર્ગાનુસારીપણું પ્રાપ્ત કર્યા પછી ઉદ્યમની મુખ્યતા હોય છે; અકામનિર્જરામાં આત્માને દુ:ખ સહનશક્તિરૂપ આત્મવીર્યથી ગૌણપણે પ્રગતિ કરવાની હોય છે; રાગ દ્વેષ, સુખ દુ:ખ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્થાન, પતન વગેરે દ્વંદ્વોથી ભરેલી આ સૃષ્ટિમાં જૈન દર્શન ને અનેકાંતવાદ અનેક નિરાશાવાદની વચ્ચે આશાવાદ પૂરે છે અને આધ્યાત્મિક ગૂંચવણો ( complications ) નો જ્યોતિઃ સ્તંભ ( light house ) બને છે; તાત્ત્વિક શ્રદ્ધા એ બીજના ચંદ્રનો ઉદય છે–સમ્યક્ત્વ છે–અંતરાત્મપણું છે; એ અવશ્ય પૂર્ણિમાના ચંદ્રરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવશે જ. આ સમ્યક્ત્વનો જો મનુષ્યજન્મમાં ઉદ્ભવ થાય તો તે સંસ્કારો દૃઢ થતાં અન્ય જન્મમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં કહે છે તેમ **आत्मैव दर्शनज्ञान–चारित्राण्यथवायतेः**—આત્મા એ જ દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ બની જાય છે અને ભેદભાવ નષ્ટ થાય છે; એ પ્રયત્ન કરનાર ક્રમે ક્રમે જન્મ મૃત્યુ પર્યાયો ઉપર કાબૂ મેળવતો જાય છે; આ બાબતના અનુસંધાનમાં બાબુ **ક્ષિતિમોહનસેનના** વાક્યો વિચારવા ઠીક થઇ પડશે; " **અનંત**-પદનો યાત્રાળુ મારે ત્યાં મહેમાન થઇને આવ્યો છે; તેની આગળ મંગલ વસ્તુઓથી ભરેલો થાળ ધરું ? મારા ઘરના આંગણાની કદર થઇ છે અને મારો રસ્તો ફૂલોથી આચ્છાદિત થયો છે; જન્મ અને મરણવાળા સંસારમાં તમે તમારો પગ મૂક્યો છે; તમારી હું શી સેવા કરું ? માર્ગ મુસાફર અને ઘર એક જ બની ગયા છે અને ભેદભાવ નષ્ટ થયો છે "–આત્મા અને તેના ગુણોની એકતારૂપ અથવા આત્મા અને પરમાત્માની એકતારૂપ, ' જિનવરપૂજા રે તે નિજ પૂજના રે ' એ શ્રીમદ્ **દેવચંદ્રજીના** સ્તવનનું સપ્રસંગ સ્મરણ કરી **શ્રી જિનેશ્વર** પ્રભુએ નિવેદન કરેલા અસંખ્ય શુભ યોગોમાંથી ગમે તે યોગદ્વારા પ્રસ્તુત પત્રના વાચકોના આત્માઓ પરમાત્મસ્વરૂપ મેળવવાની કળા પ્રાપ્ત કરી આત્માનો અભૂતપૂર્વ આનંદ પ્રાપ્ત કરે એવી ઇચ્છા સાથે બાહ્ય જગતમાં પ્રકટી રહેલ યુદ્ધ દાવાનલ–નરમેધ યજ્ઞ પ્રસ્તુત વર્ષમાં જ શાંત થઇ જાય, સંસારનાં ઝેર વેર દોષો નિર્મૂલ બને તેવા આંદોલનોમાં ( environments ) સમગ્ર વિશ્વ પ્રેરાય. મ૦ ગાંધીજીના નેતૃત્વ નીચે હિંદુસ્તાનને સંપૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિ થાય અને સર્વત્ર **શાંતિની** પ્રતિષ્ઠા થાય તેમ શ્રી જૈનશાસનના અધિષ્ઠાયક દેવપ્રતિ નૂતન વર્ષના પ્રારંભમાં પ્રાર્થના **કરી** શ્રી બૃહચ્છાંતિની મંગલમય **ત્રિપદી** સાદર કરી વિરમીએ છીએ.

**श्रीराजाधिपानां शांतिर्भवतु ॥**
**श्रीपौरमुख्याणां शांतिर्भवतु ॥**
**श्रीब्रह्मलोकस्य शांतिर्भवतु ॥**
ॐ **शांतिः शांतिः शांतिः**

સાધુ મહારાજ, વિદ્વાનો તથા પુસ્તકાલયો માટે રૂા. ૦–૧૦–૦ પોસ્ટેજ મોકલવાથી નીચે મુજબ પુસ્તકો ભેટ મળશે.

**યોગપ્રદીપ, બૃહદ્ધારણાયંત્ર, પ્રાકૃત લક્ષણમ્, સુદર્શનપંડિતપ્રત્યુત્તરમ્, વીરધર્મ પટ્ટાવલી.**

લખો :—
**શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ.**
નં. ૯૬, કેનીંગ સ્ટ્રીટ, **કલકત્તા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " प्रमादमीमांसा "

લેખક : આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

શ્રી ગૌતમસ્વામી અષ્ટાપદ જઈ આવ્યા પછી પ્રભુશ્રીએ કહ્યું કે—

**' समयं गोयम मा पमायए । '**

ત્રિવિધ તાપથી દુઃખી સંસારવાસી જીવોને પ્રભુશ્રી પોતાના પ્રવચનમાં પ્રમાદથી સાવધ રહેવાને વારંવાર ઉપદેશે છે. સંસારવાસી જીવોને અનંતા દેહ ધારણ કરાવી અસહ્ય અનંતું દુઃખ આપનાર પ્રમાદ જ છે, છતાં સજાતિય અન્ય આત્માઓ ઉપર પોતાને દુઃખી કરવાનો આરોપ મૂકીને પોતાના શત્રુ તરીકે લેખવા તે એક અજ્ઞાનતાથી પ્રભુના વચનનો અનાદર કરવા જેવું છે; કારણ કે પ્રભુશ્રીએ બાર વર્ષ સુધી અપ્રમત્ત રહીને કેવળશ્રી મેળવી દુઃખોનો અંત લાવ્યા પછી સ્વાનુભવથી જ જગતવાસી જીવોને જણાવ્યું છે કે-દુરંત, દુઃખદાયી તમારો અંગત શત્રુ પ્રમાદ જ છે માટે તેને એક સમય પણ અવકાશ આપશો નહીં.

શાસ્ત્રોમાં મદ્ય, કષાય, વિષય, વિકથા અને નિદ્રા આદિ અનેક પ્રકારના સંકેતોથી પ્રમાદને ઓળખાવ્યો છે, છતાં અનાદિકાળના અભ્યાસને લઇને માનવજાતિ સંપૂર્ણપણે સાચી રીતે ઓળખી શકતી નથી. કેટલાક તો કેવળ નિદ્રાને જ પ્રમાદ તરીકે ઓળખે છે. જો કે નિદ્રામાં પ્રમાદનું સંપૂર્ણ સ્વરૂપ આવી જાય છે તો પણ જનતા જે નિદ્રાને ઉદ્દેશીને પ્રમાદ તરીકે ઓળખે છે તે નિદ્રાનું અપૂર્ણ સ્વરૂપ હોવાથી પ્રમાદ સાચી રીતે ઓળખાતો નથી. માનવજાત સમજી શકે તેવી પ્રમાદની સાદી વ્યાખ્યા ભૂલ થાય છે અર્થાત્ પ્રમાદ એટલે ભૂલ. જે ભૂલે છે તે પ્રમાદી કહેવાય છે. સંસારમાં જે જીવો આ લોક અને પરલોક સંબંધી દુઃખ વેઠી રહ્યા છે અને આપત્તિ–વિપત્તિ ભોગવી રહ્યા છે તે બધુંય ભૂલનું જ પરિણામ છે. ચિંતા, શોક, આધિ–વ્યાધિ, દરિદ્રતા, કલેશ, જન્મ, જરા, મરણ વિગેરે જે કાંઇ જીવો અનુભવે છે તેનું મુખ્ય કારણ પોતાની ભૂલ જ છે. જ્યારે માનવી કોઇપણ પ્રકારના લાભને ઉદ્દેશીને કાંઈપણ પ્રવૃત્તિ કરે છે અને નિષ્ફળતા મેળવે છે ત્યારે કહેનાર કહે છે કે-તમે ભૂલ્યા. આમ નહીં પણ આમ કર્યું હોત તો તમને ધાર્યો લાભ મળત. કોઇ મેડા પર જવા દાદર ચઢતાં હેઠો પડે તો કહેશે કે તમે પગથિયું ભૂલ્યા; કોઈ ગામ જવા નિકળે અને દિશા બદલાતાં કોઈ મુસાફરને ગામનું અંતર પૂછે તો કહેશે કે તમે માર્ગ ભૂલ્યા; વેપાર કરતાં ખોટ આવી તો વેપાર કરતાં ભૂલ્યા; કોઈને પૈસા આપતાં વધારે આપી દીધા તો ગણતાં ભૂલ્યા; કોઈને ગાળ દીધી ને તમાચો ખાધો તો ભૂલ્યા. આવી ભૂલોને કેટલાક પ્રમાદ થયો એમ પણ કહે છે. આ પ્રમાણે બાહ્ય વ્યવહારમાં જ્યાં જ્યાં આપત્તિ–વિપત્તિ અથવા તો પ્રતિકૂળતા અનુભવવાના પ્રસંગો ઉપસ્થિત જાય છે ત્યાં ભૂલ–પ્રમાદને કારણ બતાવવામાં આવે છે; પણ જ્યાં સુખ–સંપત્તિ અને અનુકૂળતા અનુભવાય છે ત્યાં ભૂલ કહેવાતી નથી.

જેમ કૃત્રિમ જીવનની બાધક અને ઘાતક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવૃત્તિ તથા માન્યતાઓ ભૂલ-પ્રમાદ તરીકે ઓળખાય છે તેમ નૈસર્ગિક જીવનની પણ ઘાતક અને બાધક પ્રવૃત્તિયો તથા માન્યતાઓને સર્વજ્ઞના સિદ્ધાંતમાં પ્રમાદ તરીકે ઓળખાવી છે, અને તે અનાદિકાળની જીવની એક પ્રકારની ભૂલ છે, તેનું મૂળ કારણ મિથ્યાજ્ઞાન-મિથ્યાત્વ છે. મદ્ય-વિષય આદિ પ્રમાદના સહાયક-ઉત્પાદક-પ્રવર્તક છે, જીવ ભૂલતો આવ્યો છે તેની ભૂલના પોષક છે. માનવામાં અને વર્તવામાં જે નિરંતર ભૂલ કરે છે તેને દુનિયા મૂઢ કહે છે. તેમ માનવામાં અને વર્તવામાં અનાદિ કાળથી ભૂલ કરનાર જીવો સર્વજ્ઞની દૃષ્ટિમાં મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની તરીકે ઓળખાયા છે. અને તેઓ નિરંતર નૈસર્ગિક જીવન સુખ, આનંદ વિગેરે પોતાની સાચી સંપત્તિ ખોઇ રહ્યા છે તેમજ અનેક પ્રકારની આપત્તિ-વિપત્તિ તથા દુઃખોને સહન કરી રહ્યા છે.

પીતળને સોનું માની ઘરેણાં ઘડાવનારને જાણુ પુરુષો ભૂલવાનું બતાવે છે તેમ દુઃખને સુખ માની તેને મેળવવા પ્રયાસ કરનારની જ્ઞાની પુરુષો ભૂલ જ કાઢે છે અર્થાત્ પોતાના સંકેતોમાં પ્રમાદી કહે છે. પોતાના ધર્મોને છોડી દઈને જડના ધર્મોનો આદર કરનાર મોટી ભૂલ કરે છે. જડના ધર્મને આનંદ તથા સુખ સ્વરૂપ માનવા તે સૌથી મોટી ભૂલ-પ્રમાદ કહેવાય. જે પ્રમાદી છે તેના આત્મા ઉપર શબ્દાદિ જડના ધર્મોની ઘણી જ અસર થયા કરે છે; કારણુ કે તેની માન્યતા જ ભૂલભરેલી છે. આંખ તથા કાનના વિષયમાં આસક્ત પ્રમાદી આનંદ અને સુખ મેળવવા આત્મગુણઘાતક પ્રવૃત્તિમાં અન્ય અણજાણને ધાર્મિક પ્રવૃત્તિ બતાવી પ્રેરનાર મહાપ્રમાદી છે અને તે સોમલને સાકર માની તેનાથી મધુરું મિષ્ટાન્ન બને છે એમ બીજાને સમજાવી મિષ્ટાન્ન બનાવવા પ્રેરણા કરનાર જેટલી ભૂલ કરે છે તેના કરતા અનંતગણી ભૂલ કરે છે. કારણ કે સોમલને સાકર માની ઉપયોગ કરનાર કરાવનાર બંને માત્ર દેહને છોડે છે, ત્યારે જડ ધર્મમાં આનંદ માનનાર મનાવનાર જ્ઞાનદર્શનાદિ પોતાની સાચી સંપત્તિ ખોઇને અનંતા જન્મ-મરણ કરે છે.

જ્યાં પ્રમાદ છે ત્યાં ધર્મ નથી અને જ્યાં ધર્મ છે ત્યાં પ્રમાદ નથી. જે આત્મા પોતાને ભૂલે છે તે પ્રમાદી કહેવાય છે અને જે ઓળખે છે તે અપ્રમાદી કહેવાય છે. અને તે જ ધર્મી કહેવાય છે; કારણ કે અપ્રમત્ત દશામાં વાસ્તવિક ધર્મ છે. અલ્પજ્ઞ જીવોએ માની લીધેલાં સુખ-આનંદ પોતાને ભૂલ્યા સિવાય મળી શકતાં નથી; કારણુ કે પૌદ્ગલિક સુખ-આનંદ ભૂલનું પરિણામ છે, અને એટલા માટે જ અંતમાં આપત્તિ-વિપત્તિના રૂપમાં પરિણત થઇ જાય છે, જેને લઇને જીવો જન્મ-મરણનાં દુઃખો ભોગવે છે. ઇંદ્રિયો સાથે અનુકૂળ પુદ્ગલોના સંયોગમાં સુખ માનવું અને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ માનવું અર્થાત્ ઇંદ્રિય અને પદાર્થ બંને જડના સંયોગ-વિયોગમાં સુખ-દુઃખની શ્રદ્ધા રાખવી તે પ્રમાદ-ભૂલ નહીં તો બીજું શું હોઇ શકે? આવી ભૂલો કરનાર આત્મા પોતાના સમ્યગ્દર્શનાદિ ગુણોનો વિકાસ કરી શકતો નથી.

પુન્ય કર્મ કે જે શુભ આશ્રવ કહેવાય છે તેને પૌદ્ગલિક સુખની દૃષ્ટિથી ઉપાદેય માનનાર બહુ જ ભૂલે છે, કારણ કે જ્યાં સુધી જડ વસ્તુમાં ઉપાદેય બુદ્ધિ છે ત્યાં સુધી ચૈતન્ય ધર્મમાં હેય બુદ્ધિ રહેવાની જ. જડના ધર્મનો અત્યંત આદર તે જ કરે છે કે જે પોતાના ધર્મને ભૂલે છે. જે પોતાને ભૂલે છે તે દરેક પ્રવૃત્તિમાં ભૂલવાનો જ. આવી મોટી ભૂલ કરનાર મહાપ્રમાદી જ્ઞાનીની પંક્તિમાં ભળી શકતો નથી. વીતરાગના વચનોથી જેટલું વિરુદ્ધ માનવું અને વર્તવું છે તેટલું ભૂલભરેલું છે. જે પ્રવૃત્તિ અને પરિણામ વિષયના પોષક હોઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનગમતાં હોય તો પણ પ્રભુની આજ્ઞાના વિરોધી હોવાથી પ્રમાદનું ફળ આપનારા છે. જ્ઞાની ભૂલે નહીં. ભૂલવું તે અજ્ઞાનનું પરિણામ છે, માટે જ્ઞાનીના વચન તથા વિચારોથી દરેક આત્માને સાચો લાભ જ મળે છે; પણ વૈર-વિરોધ, શોક, સંતાપ, અશાંતિ અને કલેશ કે જે પ્રમાદના અંગ ગણાય છે તેમાંનું કશુંયે હોતું નથી. જેથી કરી આત્મિક ગુણની હાનિ ન થતાં વિકાસ જ થાય છે. પ્રભુનો માર્ગ છોડી પોતાની મતિથી ચાલનાર ભૂલ્યા સિવાય રહેતો નથી છતાં તે માનની શિખવણીથી માને છે કે હું ભૂલતો જ નથી. આવી ભૂલ કરનાર અણજાણ મુમુક્ષુને પણ આ પ્રભુનો માર્ગ છે એમ સમજાવી પોતાની ભૂલના માર્ગ તરફ દોરે છે; કારણ કે તે મિથ્યાજ્ઞાનને લઇને પ્રમાદ સ્વરૂપ માન-મોટાઇ તથા ક્ષુદ્ર વાસનાનો કામી હોય છે કે જેને અણજાણ મુમુક્ષુઓ પાસેથી મેળવી શકે છે. પ્રભુના માર્ગમાં વિચરનાર અપ્રમાદીને આનંદનો ટોટો નથી અને સુખની ઉણપ નથી. અક્ષય-અખૂટ સુખ, આનંદ તથા જીવનના ભંડારની ચાવી તેમની પાસે જ હોય છે. પોતે અપ્રમાદી-ભૂલ મુક્ત હોવાથી ક્ષણુવિનશ્વર સુખ તથા આનંદથી ઠગાતા નથી તેમજ પૌદ્ગલિક વસ્તુઓમાં સારા નરસાની ભાવના ભુંસાઇ જવાથી સંકલ્પ-વિકલ્પરૂપ માનસિક અથડામણથી મુક્ત હોય છે.

ભાવથી સૂતેલો જે કાંઇ કરે છે તે પણ બધુંયે ભૂલભરેલું જ હોય છે; કારણ કે ભાવ નિદ્રાવાળો અણજાણ જ હોય છે એટલે સાચું ન જાણવાથી બધીયે પ્રવૃત્તિમાં ભૂલે છે. નિદ્રા એટલે ભૂલવું-પ્રમાદ, જેમ દ્રવ્યથી સૂતેલાને કાંઈ ભાન હોતું નથી તેમ ભાવથી સૂતેલો વસ્તુને સાચી રીતે ઓળખી શકતો નથી. જે વસ્તુ જેવી હોય તેનાથી અવળી રીતે જાણે છે, એટલે સત્‌માં અસત્ અને અસત્‌માં સત્‌નો આરોપ કરે છે. પૌદ્ગલિક વસ્તુઓમાં અછતા સુખનો આરોપ કરે છે અને પૌદ્ગલિક વસ્તુઓના ત્યાગ સ્વરૂપ આત્મિક સુખમાં દુ:ખનો આરોપ કરે છે. જેમકે-વિષયમાં સુખ માને છે અને બ્રહ્મચર્યમાં દુ:ખ માને છે, આવી રીતે વસ્તુને જાણવામાં અને માનવામાં ભાવ નિદ્રાવાળો ભૂલે છે. જીવ અનાદિ કાળથી ભાવ નિદ્રમાં પડેલો હોવાથી ભૂલમાં જ છે, તે જાગૃતિમાં આવ્યા સિવાય પોતાની ભૂલ સુધારી શકતો નથી. જાગૃતિ, અપ્રમત્તદશા, ભૂલ સુધારવી ત્રણે એક જ આત્મ સ્વરૂપને ઓળખાવનારા સંકેતો છે. સંસારમાં આત્માઓ અનેક વિકૃતિ સ્વરૂપવાળા જણાય છે તે બધુંયે ભાવ નિદ્રાનું પરિણામ છે. જાગ્યા સિવાય આત્માને શોધવાની પ્રતિજ્ઞા લઈને નિકળેલા ઘણા જીવો માર્ગ ભૂલીને જડ જગતમાં ભટકી રહ્યા છે અને આત્મસ્વરૂપની દિશાથી વિમુખ થઇ રહ્યા છે; કારણ કે અનાદિકાળની ભૂલ સુધારી નિરંતરના માર્ગની દિશા બદલ્યા સિવાય આત્માને મળી શકાતું નથી. અને જ્ઞાન-ચક્ષુ ઉઘાડી જોયા સિવાય આત્મા ઓળખી શકાતો નથી. જે જીવો અનાદિ કાળથી જાણેલા, માનેલા અને ચાલેલા માર્ગને જ સાચો માની અભ્યાસની પ્રબળતાથી છોડી શકતા નથી તેમને આત્મદર્શન થવાં દુર્લભ છે. જેમ ઊંઘતો દરિદ્રી માણસ સ્વપ્નમાં રાજ્ય મેળવી પોતાને સુખ સંપત્તિવાળો માને છે અને એક શાસનકર્તા તરીકે પોતાને લેખે છે પણ પરિણામે તેમાંનું કશુંયે હોતું નથી તેમ સાચી સંપત્તિનો કંગાળ ભાવ નિદ્રામાં સૂતેલો બહારથી દેખાવમાં બધુંયે છોડી દઇને આડકતરી રીતે રૂપાંતરથી છોડેલી વસ્તુઓનો ઉપભોગ કરીને પોતાને ભલે ઉચ્ચ ગુણસ્થાનોમાં માને તેથી કાંઇ વિકાસીની પંક્તિમાં ભળી શકતો નથી; કારણ કે જાગ્યા સિવાય-ભૂલ સુધાર્યા સિવાય અનાદિકાળથી ચાલેલા માર્ગની દિશા બદલાતી નથી અને તે વગર તો બધુંયે નકામું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્દર્શન વિષે પ્રકીર્ણ જ્ઞેય

લેખકઃ—મુનિ શ્રી પુણ્યવિજયજી ( સંવિજ્ઞ પાક્ષિક )

**જ્ઞાન ચેતનાનો નિર્યુક્તિ અર્થ**—સમ્યગ્દર્શનમાં જે જ્ઞાન ચેતનાનો સદ્ભાવ માન્યો છે, તે જ્ઞાન ચેતનાનો નિર્યુક્તિ અર્થ આ પ્રમાણે છે—' **ज्ञानं चेत्यते अनया** ' અર્થાત્ જ્ઞાન–શુદ્ધાત્મા જે ચેતના દ્વારા જાણી શકાય તેને ' જ્ઞાન ચેતના ' કહે છે. જ્ઞાન ચેતનાની શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિ હોય છે. અથવા આત્મ-સ્વરૂપની ઉપલબ્ધિરૂપ સમ્યગ્જ્ઞાનને જ્ઞાન-ચેતના કહે છે.

**સમ્યગ્દષ્ટિમાં પ્રવાહરૂપે લબ્ધિરૂપ જ્ઞાન ચેતના**—યદ્યપિ ત્રણ પ્રકારના સમ્યક્ત્વમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ, અથવા ઉપશમ સમ્યગ્દષ્ટિની જ્ઞાન ચેતનામાં તરતમ ભાવની સંભાવના નથી, કિન્તુ ક્ષયોપશમ સમ્યક્ત્વને દેશઘાતિ પ્રકૃતિના ઉદયને લીધે ચલમલ આદિ દોષ ઉત્પન્ન થતાં હોવાથી જ્ઞાન ચેતનામાં તરતમભાવ હોય છે, તથાપિ જ્ઞાન ચેતનાની ધારા અને પ્રવાહમાં બાધા થતી નથી, કારણ કે જ્યાંસુધી સમ્યક્ત્વ રહે છે ત્યાંસુધી લબ્ધિરૂપ જ્ઞાનચેતના અવશ્ય રહે છે.

**રસબંધની અપેક્ષાએ ત્રણેય સમ્યક્ત્વમાં એકત્વ**—ત્રણ પ્રકારના સમ્યક્ત્વમાં સ્થિતિબંધકૃત અંતર છે, રસબંધકૃત અન્તર નથી, કારણ કે ત્રણેય સમ્યક્ત્વની અવસ્થાઓમાં મિથ્યાત્વનો અનુદય છે. એથી કરી મિથ્યાત્વ કર્મના રસબંધના અભાવની દૃષ્ટિથી ત્રણેય સમ્યક્ત્વ એક છે અને ત્રણે સમ્યક્ત્વોમાં મિથ્યાત્વનો અભાવ હોવાથી મિથ્યાત્વ કર્મની સાથે જ નષ્ટ હોવાવાળી સ્વાનુભૂત્યાવરણ–મતિ-અજ્ઞાનાવરણ પ્રકૃતિનો પણ અભાવ થઈ જાય છે. અતઃ ત્રણેય સમ્યક્ત્વની અવિનાભાવી જ્ઞાન ચેતના અવશ્ય રહે છે. ( પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ પૈકી રસબંધ જ અગ્રભાગ ભજવે છે તેની જ વિશેષતા છે એટલે અત્ર એની વિવક્ષા પ્રસ્તુત છે. )

**લબ્ધિરૂપ જ્ઞાનચેતનાનો નિત્ય સંબંધ**—સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બન્નેમાં ઉત્પત્તિનો એક જ કાળ છે, તો પણ બન્નેમાં કાર્ય–કારણભાવ છે; કારણકે સમ્યગ્દર્શન હોય છતે જ જ્ઞાનમાં સમ્યક્પણું આવે છે. અતઃ જે સમયે મિથ્યાત્વ કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય હોય છે તે સમયે મિથ્યાત્વના અભાવની સાથે જ સ્વાનુભૂત્યાવરણ કર્મનો વ્યય યુગપત્ થતો હોવાથી ઉક્ત બન્નેની ઉપલબ્ધિ પણ યુગપત્ થાય છે. જ્યાંસુધી સમ્યક્ત્વનો સદ્ભાવ રહે છે, ત્યાંસુધી લબ્ધિરૂપ જ્ઞાન ચેતના પણ અખંડ ધારાએ અર્થાત્ અવ્યુચ્છિન્ન પ્રવાહે અવશ્ય હોય છે. એથી કરી સમ્યક્ત્વની સાથે જ્ઞાનચેતનાનો નિત્ય સંબંધ કહ્યો છે.

**સમ્યક્ત્વની સાથે લબ્ધિ અને ઉપયોગરૂપ જ્ઞાનચેતનામાં સમવ્યાપ્તિ ને વિષમવ્યાપ્તિ**—જેવી રીતે ભાવેન્દ્રિય અને ભાવમન એ બન્ને લબ્ધિ તથા ઉપયોગરૂપ હોય છે, તેવી રીતે સ્વાનુભૂત્યાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થવાવાળી જ્ઞાનચેતના પણ લબ્ધિ અને ઉપયોગરૂપ હોય છે. જો કે યુગપત્ નાના જ્ઞાનની લબ્ધિ રહે છે, કિન્તુ ઉપયોગ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય એક જ જાતિના જ્ઞાનનો હોય છે, અર્થાત્ જે સમયે સ૦ દષ્ટિને કોઇ ઇન્દ્રિય ઉપયોગ કિંવા અન્ય કોઇ શ્રુતજ્ઞાનોપયોગ હોય છે તે સમયે શુદ્ધ આત્મા પ્રતિ ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોતી નથી, તથાપિ લબ્ધિરૂપ જ્ઞાનચેતના અવશ્ય હોય છે. એ કારણથી જે સમયે સમ્યગ્દષ્ટિને ઉપયોગાત્મક જ્ઞાનચેતના નથી હોતી તે સમયે ઉપયોગાત્મક જ્ઞાનચેતનાના અભાવમાં લબ્ધિરૂપ જ્ઞાનચેતના નથી હોતી એમ કહી શકાતું નથી, કારણ કે લબ્ધિ અને ઉપયોગ એ બન્નેમાં સમવ્યાપ્તિ નથી એથી ઉપયોગાત્મક જ્ઞાનચેતનાનો અભાવ લબ્ધિરૂપ જ્ઞાનચેતનાના નાશનું કારણ હોઇ શકતું નથી.

સ્વાનુભૂતિ લબ્ધિના અભાવમાં ઉપયોગનો પણ અભાવ હોય છે, કિન્તુ ઉપયોગના અભાવમાં લબ્ધિનો અભાવ હોવાનો નિયમ નથી. અત: સ્વાનુભૂતિવાળી લબ્ધિ અને ઉપયોગમાં વિષમવ્યાપ્તિ છે. જેવી રીતે સમ્યક્ત્વની ઉત્પત્તિની સાથે સ્વાનુભૂત્યાવરણ કર્મના ક્ષયોપશમજન્ય જ્ઞાનચેતના લબ્ધિની ઉત્પત્તિનો સહભાવી નિયમ છે, તેવી રીતે સમ્યક્ત્વની ઉત્પત્તિની સાથે સદા સમ્યગ્દષ્ટિને શુદ્ધ આત્મા પ્રતિ જ ઉપયોગ રહે છે એવો નિયમ નથી. એ કારણથી સમ્યક્ત્વની સાથે સ્વાનુભૂત્યાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થવાવાળી જ્ઞાનચેતના લબ્ધિનો સહભાવી અવિનાભાવ છે. અને તે સહભાવી અવિનાભાવનું કારણ જ્ઞાનચેતનાની લબ્ધિ અને સમ્યક્ત્વની સમવ્યાપ્તિ છે. કિન્તુ સમ્યક્ત્વ હોયે છતે જ્ઞાનચેતનાનો ઉપયોગ હોય એવો નિયમ નથી. પણ જો જ્ઞાનચેતનાનો ઉપયોગ હોય તો તે સમ્યક્ત્વ હોયે છતે જ હોય; અન્યથા નહિ એવો નિયમ છે. એ પ્રમાણે અગ્નિ અને ધૂમની સમાન સમ્યક્ત્વ અને જ્ઞાનચેતનના ઉપયોગમાં વિષમવ્યાપ્તિ છે.

**છદ્મસ્થને ઉપયોગરૂપ જ્ઞાનચેતનાનું અનિત્યત્વ લબ્ધિરૂપ જ્ઞાનચેતનાનું નિત્યત્વ**–સ્વાનુભૂતિની સાથે સમ્યક્ત્વની વિષમવ્યાપ્તિમાં કારણ એ પણ છે કે–છદ્મસ્થ સ૦ દષ્ટિને ઉપયોગાત્મક જ્ઞાન અનિત્ય છે, તથા કેવળીને ઉપયોગાત્મક જ્ઞાન નિત્ય છે. એથી કરીને ઉપયોગાત્મક સ્વાનુભૂતિની સાથે સમ્યક્ત્વની વિષમવ્યાપ્તિ છે અને જ્યાં સુધી છદ્મસ્થ સ૦ દષ્ટિને સમ્યક્ત્વ રહે છે ત્યાં સુધી સ્વાનુભૂત્યાવરણ કર્મનો ક્ષયોપશમ અવશ્ય રહે છે. એ અપેક્ષાએ છદ્મસ્થ સ૦ દષ્ટિઓને લબ્ધિરૂપ સ્વાનુભૂતિ પણ નિત્ય કહેવાય છે. અત: લબ્ધિરૂપ સ્વાનુભૂતિની સાથે સમ્યક્ત્વની સમવ્યાપ્તિ છે.

**મતિશ્રુતજ્ઞાન અપેક્ષાએ પ્રત્યક્ષ સમ્યગ્દષ્ટિને અંશે આત્મપ્રત્યક્ષ**–મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી થવાવાળું આત્માના ઉપયોગને ભાવમન કહે છે. તથા એ ભાવમનને પણ ભાવ ઇન્દ્રિયોની સમાન લબ્ધિ અને ઉપયોગરૂપથી બે ભેદ હોય છે. વીર્યાન્તરાય સહિત મનોમતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જે વિશુદ્ધિ થાય છે તેને લબ્ધિરૂપ મન કહે છે. તથા એ લબ્ધિપૂર્વક જ્ઞેય સન્મુખ હોવાવાળા મનને ઉપયોગરૂપ મન કહે છે.

સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત એ પાંચે ઇન્દ્રિયો કેવળ મૂર્તિક પદાર્થને જ અવગ્રહ, ઈહા, અવાય તથા ધારણારૂપથી વિષય કરવાવાળી છે. અને મન મૂર્ત તથા અમૂર્ત બે પ્રકારના પદાર્થોનો વિષય કરવાવાળું છે.

જે સમયે સ૦દષ્ટિ સ્વાનુભૂતિ કરે છે તે સમયે તેની પાંચે ઇન્દ્રિયોનો ઉપયોગ હોતો નથી, કિન્તુ એક ભાવમનનો જ ઉપયોગ હોય છે. મન દ્રવ્યમન અને ભાવમન બે પ્રકારનું માન્યું છે. તાત્પર્ય એ કે–સ્વાનુભૂતિના સમયે ઇન્દ્રિયજન્ય જ્ઞાન સમ્યગ્દષ્ટિને હોતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી સાહિત્યના બ્રહ્માઓ

લેખક:—
શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટ

ગુજરાતી ભાષાની પહેલાં અપભ્રંશ સાહિત્ય મોટા પ્રમાણુમાં જૈન સાધુઓરચિત મળ્યું છે. આ અપભ્રંશ ભાષા દેશ ભાષા હતી. ગુજરાત, મારવાડ, માલવા સુધી એક જ અપભ્રંશ ભાષા ઉચ્ચારભેદે વપરાતી હતી. ઇટાલીયન વિદ્વાન્ ટેસીટોરીએ આ સર્વે પ્રાચીન ભાષાઓના મૂળતત્ત્વોનો અતિ ઊંડો અભ્યાસ કરી એની સમાનતા દેખાડી દીધી છે. મીરાંબાઇના ભજનો મૂળ અપભ્રંશ ભાષામાં હતા. ગુજરાતમાં આવી એમણે ગુજરાતી વેશ પહેર્યો. મારવાડમાં મારવાડી અને હિંદના મધ્યભાગ ઉપર એ ભજનોએ હિંદી સ્વરૂપ લીધું. ગુજરાતી અપભ્રંશ સાહિત્ય દસમા અને અગીઆરમા સૈકા સુધીનું મળ્યું છે, પરંતુ હમણાં એ ટીકાની સહાય વગર સમજવું મુશ્કેલ છે. આ સિવાય વિદ્વાનોએ આ અપભ્રંશ સાહિત્યના અભ્યાસ તરફ સુરુચિ બતાવી નથી. જૈન ભાઇઓએ મંદિરો પાછળ કરોડો રૂપિયા ખર્ચ્યા છે તે

---

એથી કરીને સિદ્ધ થાય છે કે–સ્વાનુભૂતિના સમયે અતીન્દ્રિય આત્માને પ્રત્યક્ષ કરવાને કેવળ મન જ ઉપયોગી છે. તથા સ્વાનુભૂતિની તત્પરતાની વિશેષ અવસ્થામાં તે મન જ જ્ઞાન, જ્ઞાત ને જ્ઞેય વિકલ્પથી રહિત સ્વયં જ્ઞાનમય થઈ જાય છે. અતઃ જ્ઞાનદ્વારા સમ્યગ્દૃષ્ટિ જીવને અતીન્દ્રિય આત્માનું પ્રત્યક્ષ હોવું યુક્તિયુક્ત છે.

જો કદાચિત્ એમ કહેવામાં આવે કે–મતિશ્રુતાત્મક ભાવમન સ્વાનુભૂતિના સમયે પ્રત્યક્ષ થાય છે, તો પછી સૂત્રમાં જે મતિજ્ઞાનને ઇન્દ્રિય અને અનિન્દ્રિયથી ઉત્પન્ન થતું હોવાથી તથા શ્રુતજ્ઞાનને મતિજ્ઞાનપૂર્વક ઉત્પન્ન થતું હોવાથી પરોક્ષ કહ્યું છે તે કથન અસિદ્ધ થશે તો એમ કહેવું ઠીક નથી; કારણ કે મતિશ્રુતાત્મક તે ભાવમનને સ્વાનુભૂતિના સમયે પ્રત્યક્ષ કહેવાનો એ જ અર્થ છે કે–સ્વાનુભૂતિના સમયે તે મતિશ્રુતજ્ઞાનાત્મક ભાવમન વિશેષ દશાપન્ન થતું હોવાથી અમૂર્ત થઇ જાય છે. એથી કરી એના દ્વારા થવાવાળું અમૂર્ત આત્માનું અતીન્દ્રિય પ્રત્યક્ષ શા માટે ન હોય? અવશ્ય હોય.

તાત્પર્ય એ કે–સ્વાત્મરસમાં મગ્ન હોવાવાળું ભાવમન જ સ્વયં અમૂર્ત થઇ સ્વાનુભૂતિના સમયે આત્મપ્રત્યક્ષ કરવાવાળું કહ્યું છે. જેવી રીતે શ્રેણી ચઢતા સમયે જ્ઞાનની જે નિર્વિકલ્પ અવસ્થા થાય છે તે નિર્વિકલ્પ અવસ્થામાં ધ્યાનની અવસ્થાપન્ન શ્રુતજ્ઞાન તથા એ શ્રુતજ્ઞાનપૂર્વનું મતિજ્ઞાન અતીન્દ્રિય પ્રત્યક્ષ હોય છે, તેવી રીતે જ સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથે ગુણસ્થાનકથી માંડી સાતમે ગુણસ્થાનકવર્તી છે તેનું મન પણ મતિશ્રુતાત્મક ભાવમન પણ સ્વાનુભવના સમયે વિશેષ દશાપન્ન હોવાથી શ્રેણીના સમાન તો નહિ, કિન્તુ તે ભૂમિકાને યોગ્ય નિર્વિકલ્પ થઈ જાય છે. એથી કરીને મતિશ્રુતાત્મક ભાવમન સ્વાનુભૂતિના સમયે પ્રત્યક્ષ માન્યું છે, કારણ કે મતિ શ્રુત વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ હોતી નથી, કિન્તુ અવધિ, મનઃપર્યયના વિના હોય છે. આત્મસિદ્ધિને માટે મતિ અને શુભ શ્રુત એ બે જ્ઞાન જ આવશ્યક જ્ઞાન છે. તેથી મતિ અને શ્રુતજ્ઞાનને સ્વાનુભવના સમયે પ્રત્યક્ષ કહ્યું છે, તે બરોબર છે. આત્મ પ્રત્યક્ષના અંગે કેવળજ્ઞાની અને છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિ વચ્ચે ફેર એટલો જ કે કેવળજ્ઞાની આત્માને સંપૂર્ણ પ્રત્યક્ષ જાણે છે, જ્યારે છદ્મસ્થ ભાવશ્રુતજ્ઞાનવડે પરોક્ષપણે જાણે છે અને અનુભવથી પ્રત્યક્ષ જાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય છે, પરંતુ તેને સોમે ભાગ પણ અક્ષર-મંદિરના જીર્ણોદ્ધાર પાછળ ખર્ચવો જોઇએ. પાટણ, જેસલમેર અને બીજા જૈન પુસ્તક-ભંડારોમાં હજી ઘણાં રત્નો અણુશોધાયલાં અંધકારમાં પડ્યા છે.

અપભ્રંશ સાહિત્ય બંગાળી, મરાઠી, હિંદી એ સર્વે સાહિત્યનું મૂળ છે. સંસ્કૃતથી પણ પ્રાકૃત વધારે પ્રાચીન હોવાની માન્યતા હવે દૃઢ થતી જાય છે. આ સર્વે ભાષાઓ પ્રાકૃત-માંથી નીકળી હોવી જોઇએ. મોટા પ્રમાણુમાં અપભ્રંશ સાહિત્ય મળ્યું છે. એ સર્વે જો સારી રીતે સટીક પ્રકાશમાં આવે તો જૈન ધર્મ અને હિંદની ભાષાઓ સંબંધી એનાથી આપણા જ્ઞાનમાં ઘણો વધારો થાય એ નિસં-શય છે. એવા પ્રયત્નો જરૂર થવા જોઇએ.

જૈન સાધુઓ કઠીન તપસ્યા કરતા હતા. એમનું જીવન ત્યાગ વૈરાગ્યમય હતું. એઓ લગભગ મોટે ભાગે વિદ્વાન હતા. અધ્યયન અને અભ્યાસ એ એમના પ્રિય વિષયો હતા. ઉપદેશ અને કથા એ એમના નિત્યકર્મોનાં અંગો હતા. ગુરુપરંપરાથી વિદ્યા મેળવવાને એમનો ચાલુ પ્રયત્ન રહેતો હતો. કોઇ વિદ્વાન બ્રાહ્મણ મળે તો એમને વેતન આપી એની પાસે અભ્યાસ કરતાં જૈન સાધુઓને જરા પણ સંકોચ થતો નહિ. એમણે વિદ્યા મેળવી, એનો વિકાસ કર્યો, એનું રક્ષણ કર્યું. જૈન સાધુઓએ બુદ્ધ સાધુઓની પેઠે દૂર દૂરના દેશોમાં દેશાટન કરી વિદ્યાનો ફેલાવો કર્યો નહિ. જો એમણે એ પ્રયત્નો કર્યાં હોત તો જરૂર એમને યશ મળત, પરંતુ શ્રી મહાવીરના સમય પછી જુદા જુદા જૈન સંપ્રદાયોના વિકાસ અને કઠીન આચારોને લીધે જૈન સાહિત્ય પરદેશોમાં વ્યાપક કરી શકાયું નથી.

હજી પણ આ સાહિત્ય અંધારામાં રાખી રક્ષણ કરવા કરતાં એને મુદ્રણાલયના પ્રકાશમાં મૂકવું જોઇએ. જૈન ધર્મ એ આંતરશુદ્ધિના આચારનો ધર્મ છે. પરંતુ પાછળથી બાહ્ય શૌચ ઉપર જૈન સંપ્રદાયોએ વિશેષ ભાર દેવાથી જૈન ધર્મ પરદેશોમાં પાંગર્યો નથી. હિંદમાં પણ એક વખતનો વ્યાપક આ ધર્મ પોતાની સંકુ-ચિત સાંપ્રદાયિકતાઓ અને વાડાઓને લીધે માત્ર પંદર લાખ અનુયાયીઓમાં જ અટકયો છે.

શ્રી હેમચંદ્રાચાર્ય અપભ્રંશ સાહિત્યના વાલ્મિકી નથી. એમની પહેલા અનેક જૈન સાધુ-ઓએ એ સાહિત્યને અપનાવ્યું છે. વિક્રમની આઠમી અને દસમી સદી વચ્ચે સ્વયંભૂદેવ પહેલા પણ જૈન અપભ્રંશ સાહિત્ય અસ્તિત્વમાં હશે પણ તે સંબંધી શોધખોળ કરવી જરૂરની છે. અગાઉના લેખમાં સં. ૧૦૭૬ સુધીમાં રચાયલા સાહિત્યની સહેજ રૂપરેખા દેખાડી છે. તે પછી નીચે મુજબ સાહિત્ય મળ્યું છે પરંતુ આ ટીપ અધૂરી છે. એનાથી ઘણાં વિશાળ પ્રમાણમાં અપભ્રંશ સાહિત્ય જૈન મુનિઓએ રચ્યું હતું.

બારમી સદીમાં "જયતિહુયણ" નામે કાવ્ય સ્તોત્ર અભયદેવસૂરિએ રચ્યું છે. સં. ૧૧૨૩ માં વિલાસવઇ રચાઇ છે. આમાં કથા સાથે વર્ણન પણ સારું છે. જૈન મુનિઓ કાવ્યોની સાથે અલંકારો જાણતા હતા. કયારે કયારે સરસ વર્ણનો લખે છે. અપભ્રંશ ભાષા હમણાં અંધ-કારમાં હોવાથી એમની કદર થતી નથી. નહિં તો કાવ્યો તરીકે ઘણાં પ્રસાદીવાળાં જરૂર છે. કેટલાંક સામાન્ય ધાર્મિક વલણવાળા પણ છે.

શ્રી દેવચંદ્રસૂરિ શ્રી હેમાચાર્યના ગુરુ હતા. એમના રચેલાં પ્રાકૃત ભાષાના કેટલાંક ગ્રંથો મળે છે. શ્રી સૂરિજીએ ૭ કડવામાં "સુલસા-ખ્યાન" રચ્યું હતું. સંવત ૧૧૯૦ માં શાંતિનાથ ચરિત્રમાં પણ અપભ્રંશ ભાગ મળે છે. એ કાવ્ય હેમસૂરિનું રચેલું છે. વર્ધમાનસૂરિએ ઉપલા જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયમાં રચેલ "રૂષભચરિત્રમાં" અપભ્રંશ કવિતાનો ભાગ છે. ઈ. સ. ૧૧૯૯ માં લક્ષ્મણ-ગણિએ રચેલ "પ્રાકૃત સુપાસનાહ ચરિયં"માં પણ અપભ્રંશ કાવ્યો આવ્યાં છે. આ સમયે સંસ્કૃત અને અપભ્રંશ બંને ભાષાઓનો જૈન કવિઓએ ઉપયોગ કર્યો છે. આ સમયના જૈનોના ગૃહસ્થવર્ગમાં એકેય લેખક કે તેના પુસ્તકો મલ્યાં નથી. બધી સાધુમહારાજોની કૃતિઓ જ હતી. એટલે જૈન સંઘનો ગૃહસ્થ અંગ તે સમયે પણ વિદ્યાની ઉપાસનામાં ઉદાસીન હતો એમ લાગે છે.

અપભ્રંશનો ઉપયોગ આ શતકમાં જૈન સાધુઓએ સારાં પ્રમાણમાં કર્યો છે, પરંતુ લોકોની સામાન્ય ભાષા અને વિદ્વાનોની કૃતિઓની ભાષામાં જરૂર ફરકરહેતો હોવો જોઈએ. આ શતકમાં માણિક્ય પ્રસ્તારિકા પ્રતિબદ્ધ રાસ, સંદેશરાસ વગેરે રચાયાં છે. એ જ સમયમાં જિનદત્તસૂરિએ ચર્ચરી, ઉપદેશરસાયનરાસ અને કાલસ્વરૂપ કુલક રચેલ છે. કાળસ્વરૂપ કુલકની પ્રત સંવત ૧૧૯૧ માં ઉતારેલી છે.

જૈન ગ્રંથોમાં સતીઓના શીલનું વર્ણન ઘણું સારું આવે છે, પરંતુ આપણાં ગુજરાતી સાહિત્યમાં એ જૈન સતીઓને લગભગ વિસારી દેવામાં આવી છે. તેનો દોષ જૈનોના પ્રમાદ ઉપર છે. શ્રી નેમિનાથના પત્નીથી બીજી મોટી સતી મળવી મુશ્કેલ છે. એવી જૈન સતીઓ ઘણી થઇ છે. ધાહિલના અપભ્રંશ કાવ્ય "પઉમસિરિ ચરિત્ર"માં સતીના શીળનું શ્રેષ્ઠ વર્ણન છે. આ જ સમયમાં થયેલા વાદિદેવસૂરિએ પોતાના ગુરુ મુનિચંદ્રસૂરિ ઉપર સ્તવન રચ્યું છે, પરંતુ જૈનેતરો માટે એની ઉપયોગિતા નથી.

વિદ્વાનોએ આઠમી સદીથી બારમી સદી સુધી અપભ્રંશ ભાષામાં રચાયલાં અનેક ગ્રંથોનું પ્રકાશન કરવું જોઈએ. કેટલાંક ગ્રંથો સર્વ જનતાને ઉપયોગી છે. કેટલાંક જૈનોની ધાર્મિક શ્રદ્ધાને માટે છે. કેટલાક હમણાંના જમાનાની સંસ્કૃતિને સહાયક નથી, પરંતુ ભાષાદષ્ટિએ સર્વે અન્વેષણ કરવા યોગ્ય જરૂર છે. અલબત આજના ચશ્માથી તે સમયના ગ્રંથોની પરીક્ષા કરી શકાય નહિ. તે સમયના દેશ, કાળ અને વસ્તુની આપણે સમગ્રભાવે તુલના કરવાની છે. તેમ તે સમયે વિદ્વત્તા, વાંચન, વિચાર અને સમીક્ષા બહુ પરિમિત ક્ષેત્રમાં વિસ્તરેલા હતા. ખાસ જૈન દૃષ્ટિથી જૈન સાધુઓ માટે જ લખાયલાં હતાં. જૈન સાધુઓની બહાર જૈન સંઘ પણ આ સુંદર પ્રસાદીનો ભોક્તા નહોતો.

આ સાધુઓની કૃતિઓ સુકી ધાર્મિક નહોતી. પરંતુ એમના લેખો ધાર્મિક પટ નીચે રસિક વિગતો પૂરી પાડતાં હતાં. પ્રવાસ, વ્યાકરણ, અલંકાર, ઉપમા અને નવે રસોનું વર્ણન એમના પુસ્તકોમાં આવતાં હતાં. ઘણાંખરાં પુસ્તકો, તાડપત્રો, ભોજપત્રો ઉપર લખાતા હતા. એ માટે જૈન સાધુઓ સારાં લહીઆ રાખતા હતા. સરસ્વતીની ઉપાસના માટે એમને સર્વે સાધનો જૈન સંઘ પૂરાં પાડતું હતું. ચાતુર્માસ સિવાય જૈન સાધુઓ ક્યાંયે એક સ્થળે વસી શકતા નહોતા. એટલે એમને પુસ્તકો જીવ પ્રમાણે સાચવી સાથે રાખવા પડતા હતા. પુસ્તકો વિષે એમને અત્યંત શ્રદ્ધા અને પૂજ્યબુદ્ધિ હતા.

[ ક્રમશઃ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાનો આદર્શ

લેખક: મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ (ત્રિપુટી)

**આ** પણે, પર્યુષણા મહાપર્વ આવે છે અને પર્યુષણા મહાપર્વનાં કર્તવ્યો યાદ કરીએ છીએ. પર્યુષણાપર્વનાં મુખ્ય કર્તવ્યો દર વર્ષે આપણે સાંભળીએ છીએ પરન્તુ એ મહાપર્વનાં ધર્મકાર્યો કરવા છતાં યે જે અંતરની શુદ્ધિ થવી જોઇએ, હૃદયનો મેલ જવો જોઇએ, એ નથી જતો એ ઓછા આશ્ચર્યની વાત નથી. ખાસ કરીને ૧ ચૈત્યપરિપાટી, ૨ સમસ્ત સાધુ-વંદન, ૩ સંવત્સરી પ્રતિક્રમણ, ૪ પરસ્પર સ્વામિ-ભાઇઓ સાથે ક્ષમાપના અને ૫ અઠ્ઠમનો તપ. આ સાથે જ પવિત્ર શ્રીકલ્પસૂત્રનું શ્રવણ આદિ ધર્મક્રિયાઓ યથાશક્તિ જરૂર કરીએ છીએ, પરંતુ ક્ષમાપનામાં આપણે જેવી રીતે લક્ષ આપવું જોઇએ તે નથી આપતા.

આપણે **અહિંસા પરમો ધર્મ**ને માનીએ છીએ પરન્તુ સાચી અહિંસા હજી આપણા જીવનમાં ઉતરી નથી. સાચો અહિંસક રાગ અને દ્વેષને વશીભૂત થઇને પણ કોઈ પણ જીવને દુ:ખી ન કરે, તેની સાથે વૈર કે વિરોધ ન રાખે, સંવત્સરી પ્રતિક્રમણ કરી, સર્વ જીવોને ખમાવતાં.

**खामेमि सव्व जिवे, सव्वे जिवा खमंतु मे ।**
**मित्ति मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ॥ "**

આવું ઉચ્ચારીએ છીએ કિન્તુ આપણા હૃદયમાં ક્ષમા, મૈત્રી, પ્રેમ કે સ્નેહ નથી જણાતાં. વિરોધી પ્રતિ પણ આપણે મૈત્રીભાવ રાખવાનો હોય છે. "મિત્તિ મે સવ્વ ભૂએસુ" કહેવા છતાં યે મૈત્રી નથી જણાતી. અહિંસાનો સાચો આદર્શ એ જ કહેવાય કે સંસારના પ્રાણી પ્રતિ પ્રેમ સ્નેહ અને મૈત્રી આપણા રૂવાંડે-રૂવાંડે ભરી હોય.

પર્યુષણા મહાપર્વમાં આપણે "અમારી પડહ"ની ઉદ્ઘોષણા કરાવવાની છે. "અમારી" નું યથાર્થ સ્વરૂપ આપણે સમજીયે અને જીવનમાં ઉતારીએ તો જ આપણે "અમારી પડહ" ની ઉદ્ઘોષણા સુંદર રીતે કરાવી શકીયે. બીજા જીવોને બચાવીએ છીએ, માછલાં છોડાવીયે, પક્ષીઓ અને પશુઓને છોડાવીયે, ગરીબોને દાન આપીએ આવું ઘણું કરીએ છીએ પરન્તુ આપણે પોતે અહિંસક નથી થતાં. આપણા હૃદયમાં રહેલો ક્રોધ-વૈર અને ઈર્ષ્યાનો અગ્નિ આપણે શાંત નથી કરતાં. એક બાજુ સંઘ સમક્ષ ખમાવીએ છીએ; સવી જીવ કરૂં શાસનરસીનું પદ પ્રેમ અને ભક્તિથી લલકારીએ છીએ; અહિંસા પળાવીએ છીએ ત્યારે બીજી બાજુ વૈર અને વિરોધની ભઠ્ઠી આપણા હૃદયમાં જલતી રાખીએ છીએ. આવો વિરોધાભાસ આપણે ક્યાં સુધી નભાવીશું એ તો વિચારો ?

યાદ રાખજો એક બાજુ પુણ્યના પુંજ જમાવીશું અને બીજી બાજુ રાગ અને દ્વેષને વશીભૂત થઇ ક્રોધ દ્વેષ ઇર્ષ્યા અને અસુયાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાસના કરતા રહીશું તો આ દ્વેષાગ્નિ-વૈરાગ્નિ આપણા પુણ્યપુંજને બાળીને ભસ્મ કરતાં વાર નહિ લગાડે.

આપણે જેમ દ્રવ્ય અહિંસા પાળીએ છીએ; જેમ દ્રવ્ય ક્ષમાપના કરીએ છીએ તેમ ભાવ-અહિંસા, ભાવ ક્ષમાપના, ભાવ ઉપશમની પુરે પુરી જરૂર છે. દ્રવ્ય એ ભાવનું સાધન જરૂર છે પરન્તુ આપણી અજ્ઞાનતા, અહંતા આપણને એ ઉચ્ચમાર્ગે જતાં અચકાવે છે. આપણે જગતને અહિંસાનો સંદેશ તો જ પહોંચાડી શકીએ કે આપણે સાચા અહિંસક બનીએ. સાચા અહિંસક બનનારે સંસારના પ્રાણીમાત્ર પ્રતિનો વૈર ને વિરોધ છોડવો જ પડશે.

"**अहिंसा प्रतिष्ठायां वैरत्यागः**" જ્યારે યથાર્થ અહિંસાના આપણે પાલક થઇશું, આપણને કોઇ પ્રતિ વિરોધ કે વૈર નહિં રહે, એટલું જ નહિં પરંતુ અન્યાન્ય પ્રાણીઓ પણ આપણી સમક્ષ અવૈરી બની જશે. પરન્તુ આપણા દીલમાં ચોર પેઠો છે, અંદર શત્રુ બેઠો છે જેથી આપણે વૈર-વિરોધ નથી ત્યજી શકતા, નથી ત્યજાવી શકતા.

સાચા અહિંસકમાં આ ભાવના પ્રગટે છે:-

**सर्वेऽपिसन्तु सुखिनः सर्वे सन्तु निरामया।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् पापमाचरेत्॥**

સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો રોગ-રહિત (દ્રવ્ય ને ભાવથી) સર્વ જીવો કલ્યાણ પામો; અને કોઇ પણ જીવ પાપ ન આચરો.

કેવી ઉદાત્ત અને ઉદાર ભાવના છે?

જે જૈનધર્મ પ્રાણીમાત્રનું કલ્યાણ ઇચ્છે, પ્રાણીમાત્રની કલ્યાણકામના કરાવાનું શીખવે એ જ ધર્મના આપણે અનુયાયી વૈર, વિરોધ, દ્વેષ, ઇર્ષ્યા, અસુયા અને કલહને કેમ રાખી શકીએ?

ખરેખર અહિંસાનો આદર્શ એ જ છે કે પ્રાણીમાત્ર પ્રતિ આપણામાં મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવના જાગે. નીચેના શ્લોકોમાં એ જ વસ્તુ કહી છે—

**मैत्री सकलसत्त्वेषु, प्रमोदो गुणशालिषु।**
**माध्यस्थमविनेयेषु, करुणा सर्व देहिषु॥१॥**
**धर्मकल्पद्रुमस्येता मूलं मैत्रयादि भावना।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ताः, सतेषामतिदुर्लभः॥२॥**

**ભાવાર્થ**—સર્વ જીવોની સાથે પ્રેમ-સ્નેહ રાખવો તે **મૈત્રીભાવના છે.**

દરેક ગુણી જીવોને જોઇ આનંદ-હર્ષ પામવો તે **પ્રમોદભાવના** છે.

કોઈપણ અકૃત કરનારા જીવોને જોઇ તેની ઉપેક્ષા કરવી તે **માધ્યસ્થભાવના** છે.

અને સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી તે **કરૂણાભાવના** છે. આ મૈત્રી આદિ ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂલ છે. આ ભાવનાઓ જે જીવે જાણી નથી, જે જીવોએ આ ભાવના-ઓ અભ્યાસ કર્યો નથી (આચરણમાં નથી ઉતારી) તેને ધર્મરૂપી કલ્પવૃક્ષની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

મહાનુભાવો! આપણે પર્યુષણા મહાપર્વનો આ સંદેશ, આ અહિંસાનો આદર્શ જીવનમાં ઉતારીએ તો આ લોક અને પરલોકમાં આપણું કલ્યાણ થાય. બસ સર્વ જીવો આ વસ્તુ પામી દ્રવ્ય અને ભાવથી અહિંસક બને; અહિંસાનો આદર્શ શીખે એ શુભેચ્છાપૂર્વક વિરમું છું.

ૐ **शांतिः शांतिः शांतिः।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ...........વર્તમાન સમાચાર...........

## બીકાનેરને આંગણે યુગવીર આચાર્યદેવનું ચાતુર્માસ.

પૂજ્યપાદ વિશ્વવિભૂતિ યુગવીર આચાર્યદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ. તથા પૂજ્યપાદ્ પ્રખરશિક્ષાપ્રચારક આચાર્ય શ્રીમદ્ વિજયલલિતસૂરિજી મ. અને પૂજ્યપાદ્ આચાર્ય શ્રીમદ્ વિજયવિદ્યાસૂરિજી મ. આદિ ઠાણા ૧૪ નું તથા વયોવૃદ્ધ પ્રવર્તીણી સાધ્વીજી શ્રી દેવશ્રીજી મ. આદિ ઠાણા ૧૫ નું ચાતુર્માસ બીકાનેર શહેરમાં નિશ્ચિત થયું છે. જ્યારથી આ યુગવીર આચાર્યદેવના પગલા થયા છે ત્યારથી અનેક ધર્મોન્નતિના શુભ કાર્યો થઇ રહ્યા છે. આજસુધી શ્રી નવપદ ઓળી મહોત્સવ, દીક્ષા મહોત્સવ, પ્રતિષ્ટા મહોત્સવાદિ કાર્યો એવા ઉત્સાહ અને સમારોહપૂર્વક થયા છે કે બિકાનેરના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

**શ્રી જૈન શ્વે. આયંબિલ ખાતુઃ**—આટલા મોટા શહેરમાં જૈનીઓની બહુસારી વસ્તી હોવા છતાં આયંબિલ ખાતા જેવી એકે સંસ્થા અહીં નહોતી હવે પૂજ્યપાદ્ આચાર્યદેવના સદુપદેશથી શ્રી જૈન શ્વે. આયંબિલ ખાતાની શરૂઆત થઇ છે. જેમાં પ્રતિદિવસ અનેક ભવ્યાત્માઓ આયંબિલ કરી કર્મોની નિર્જરા કરે છે.

## પરમ પવિત્ર શ્રીમદ્ ભગવતીજી સૂત્રની વાચના.

અહીંના સકલ સંઘ તથા ખાસ કરીને અહીંના કરોડાધિપતિ રામપુરીઆ શેઠોના અત્યંત આગ્રહથી શ્રાવણ વદિ ૭ થી વ્યાખ્યાનમાં પંચમાંગ શ્રીમદ્ ભગવતી સૂત્રની શરૂઆત થઇ છે અને ભાવનાધિકારે શ્રીચંદ્રકેવલીચરિત્ર વંચાય છે. શ્રાવણ વદિ ૬ ના દિવસે રામપુરીયા શેઠ સમારોહ પૂર્વક શ્રીમદ્ ભગવતી સૂત્રને પોતાના ઘેર લઇ જઈ રાત્રિજાગરણ પ્રભાવના કરી હતી. વદિ ૭ ના દિવસે સકલ સંઘ સાથે સમારોહ પૂર્વક લાવી સાચા મોતીઓનો સાથીઓ કરી સોનામોહરોથી જ્ઞાન પૂજન કરી શ્રી આચાર્યદેવને વોહરાવ્યું હતું અને વાસક્ષેપ નંખાવ્યો હતો.

શ્રી ગુરૂદેવની અમૃતમય દેશનાનો લાભ શ્રોતાવર્ગ સારી સંખ્યામાં લઇ રહ્યા છે. તે દિવસે શ્રીફળની પ્રભાવના રામપુરીયા સેઠો તરફથી થઇ હતી.

**શ્રી સંક્રાંતિ મહોત્સવઃ**—શ્રાવણ વદિ ૧૧ નું સંક્રાતિ મહોત્સવ હોવાથી પંજાબના અનેક ગ્રામ નગરોથી ભાવિક સજ્જનો સારી સંખ્યામાં દસમના દિવસે આવી પહોંચ્યા હતા. એકાદસિના સુપ્રભાતે ૭ વાગતાં સભામંડપ જનતાથી ચિકાર ભરાઇ ગયો હતો અને પૂજ્યપાદ્ આચાર્યદેવ પોતાના શિષ્યમંડળ સહિત પધારી વ્યાખ્યાન વેદિકા ઉપર બિરાજમાન થયા હતા. પંજાબી ભાઇઓના દેવગુરૂ સ્તુતિરૂપ ભજનો થયા બાદ પૂજ્યપાદ્ શ્રી આચાર્યદેવે મહા મંગલકારી પ્રત્યક્ષ પ્રભાવી અનેક સ્તોત્રો સંભળાવી આજ સૂર્યદેવ મિથુન રાશિમાંથી સંક્રમણ કરી કર્ક રાશિમાં આવ્યા છે તેથી શ્રાવણ માસ આજથી શરૂ થયો છે અને આ માસમાં જે તિર્થંકર ભગવાનોના જે જે કલ્યાણકો થયા છે તેના નામો સંભળાવી તેની આરાધના માટે ઉપદેશ આપ્યો હતો. અને ખાસ કરી આ માસમાં શ્રાવણ સુદિ ૫ ના દિવસે બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનનું જન્મ કલ્યાણક હોવાથી શ્રીસંઘને આ માસમાં ચતુર્થવ્રત (બ્રહ્મચર્ય વ્રત ) પાળવા ઉપદેશ આપ્યો હતો. અનેક શ્રાવકોએ સંપુર્ણ માસમાં તથા તિથિના દિવસે બ્રહ્મચર્યવ્રત પાલણ કરવાનો નિયમ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શહેરમાં આ માસમાં દશ ઉપવાસ, નૌ, અઠ્ઠાઇ, સાત, પાંચ, ચાર, અઠ્ઠમ, છઠ્ઠ આદિની તપશ્ચર્યા સારી થઇ છે. એક સાધ્વીજી મહારાજને ચૌદ ઉપવાસ છે.

**દર્શનાર્થે**:—પૂજ્યપાદ આચાર્યદેવના દર્શનાર્થે જેઠ સુદિમાં અમદાવાદના ઝવેરી શાહ ભોગીલાલ તારાચંદ લસણીઆના કુટુંબીજનો લગભગ ૩૦ ની સંખ્યામાં આવ્યા હતા. તથા સાંભરના જ્યુડિશલ સુપરિન્ટેન્ડેન્ટ શ્રીમાન મગરૂપચંદજી સા. ભંડારી પણ આવ્યા હતા. તદુપરાંત મુંબઇ, અમદાવાદ, પાટણ, મીયાગામ, પાટણ, જંબૂસર, કપડવંજ, બડૌદા, જોધપુર, સાદડી, દેસુરી, ખુડાલા, બરલુટ, આકોલા આદિ કેટલાક ગ્રામ–નગરોના ભાવિક સજ્જનો આજસુધી આવી ગયા છે તથા પંજાબી ભાઇઓ તો દર મહિને આવે છે અને દેવગુરુની ભક્તિનો લાભ લઇ જાય છે.

---

# સાભાર સ્વીકાર

નીચેના ગ્રંથો આ સભાની ફ્રી લાઇબ્રેરી માટે નીચેના મહાશયો તરફથી ભેટ મળ્યા છે તે આભાર સાથે સ્વીકારવામાં આવે છે.

**૧ ધન્ય જીવન**—શ્રીયુત સોમચંદ ડી. શાહ માનદ્ મંત્રી. શ્રી જૈન સ્વાધ્યાય મંદિર, કિંમત રૂા. ૧–૩–૦ લેખક મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ.

**૨ પ્રથમ કર્મગ્રંથ**—પદ્યમય અનુવાદ–વિવેચન ટીપ્પન કોષ્ટકાદિ વિભૂષિતઃ વિવેચન કર્તા મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ. કિંમત છ આના.

**૩ તત્ત્વાર્થ સૂત્ર**—ગુજરાતી વ્યાખ્યા સહિત. વિવેચક પંડિતજી સુખલાલજી. પ્રકાશક શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, C/o ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ કિંમત રૂા. ૧–૮–૦

૪ શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાનો સં. નો રિપોર્ટ તેની કમીટી તરફથી.


**શ્રી ચૈત્યવંદનભાષ્યનો** છંદોબદ્ધ ભાષાનુવાદ ટિપ્પણ સહિત. રચયિતા મુનિરાજ શ્રી સુશીલ-વિજયજી તરફથી.

**ધર્મ મંગળ**—વ્યાખ્યાનકાર ઉપાધ્યાય **શ્રી દેવચંદ્રજી મહારાજ** તરફથી સંપાદક શ્રીયુત **સુશીલ.**

**એક અર્વાચીન સંત**—(શ્રી બુદ્ધિસાગરજી સૂરિ)ની **સાહિત્યસેવાનો** નિબંધ તૈયાર કરનાર મણિલાલ મોહનલાલ પાદરાકર તરફથી.

**યુગવીર આચાર્ય**—(શ્રીમાન્ આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરનું** જીવન ચરિત્ર. લેખક: શાહ ફૂલચંદ હરિચંદ, સુપ્રી. શ્રી યશો. જૈન ગુરૂકુલ, પાલીતાણા તરફથી (પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા મુંબઇ) મૂલ્ય રૂા. ૨–૦–૦.

**શ્રી વિજયાનંદ** વાર્ષિક અંક પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા મુંબઇ તરફથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલકત્તાના અગ્રગણ્ય દાનવીર કરોડપતિનું દુઃખદ અવસાન.

કલકત્તાખાતે તા. ૭ મી જુલાઇના રોજ બપોરના બે વાગ્યાના શુમારે દાનવીર બાબુસાહેબ **શ્રી બહાદુરસિંહજી સીંધીસાહેબનું**, ૫૯ વર્ષની વયે અતિશય ખેદજનક અવસાન થવાથી જૈન સમાજમાં ઘણો જ ખેદ પ્રસર્યો છે. જૈનો એકલા જ નહિ પરંતુ સારૂં



હિંદુસ્તાન એક મહાન અણમૂલું રત્ન ગુમાવી બેઠી છે. ધાર્મિકપ્રેમ સાથે સમાજપ્રેમ તેમની નસેનસમાં હતો. અને દયારૂપી નદી તેમના હૃદયમાં હરહંમેશ અમૃતઝરણાની પેઠે ચાલ્યા જ કરતી હતી.

## જીવનની ટૂંકી રૂપરેખા

તેઓશ્રીનો જન્મ ઇ. સ. ૧૮૮૫ માં અજીમગંજમાં અગ્રગણ્ય ગણાતા સીંધી પરિવારમાં થયો હતો. સાહિત્યપ્રેમને પુરો પાડવા માટે તથા જૈન સમાજને મદદરૂપ થવા માટે એ મહાન ગર્ભશ્રીમંત પ્રખર દાનવીર મહાશય ( ૧ ) જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગરા ( ૨ ) શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ, પાલીતાણા. ( ૩ ) જૈન વિદ્યાભવન, ઉદયપુર. ( ૪ ) જૈનભુવન, કલકત્તા. ( ૫ ) જૈન ધર્મ પ્રચારક સભા, માનભુમ. (૬) જીયાગંજ, લન્ડન મીશન હોસ્પીતાલ ( ૭ ) બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય આદિ અનેક સંસ્થાઓને કુલ રૂા. ૫૦૦૦૦ ) થી પણ વધારે દાન આપી ચુકયા છે.

વળી પોતાના સ્વર્ગીયપિતાશ્રી શ્રીયુત્ **ડાલચંદજી** સીંઘીના ઘનીષ્ટ પરિચય વાળા તેમજ બનારસ હિંદુ યુનિવર્સિટીના અધ્યાપક પંડિત સુખલાલજી જોડે એમને ઘણો જ પરિચય હતો, તેટલામાં તો કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોર તેમને મળ્યા ને પોતાના શાંતિનીકેતનમાં જૈન શિક્ષા માટે એક વિભાગ ખોલવાની પોતાની ઇચ્છા બાબુ સાહેબને જણાવી. તરત જ કવિવરનું વચન મંજુર કરી પોતાના સ્વર્ગીય પિતાની યાદગીરી માટે તેમનો ત્રણ વર્ષનો ખર્ચ ઉપાડી લઇ હજારો રૂપીઆનું દાન કરી કવિવરની ઇચ્છા પૂર્ણ કરીને જૈન સંસ્કૃતિ તેમાં હંમેશ માટે દાખલ કરાવી આપી. આપણા જૈનોને એક અભિમાન કરવા જેવી વાત છે કે જે ધનથી પણ જૈન ધર્મનો પ્રચાર કરવા હમેશાં તત્પર જ હતા.

સાહિત્ય તથા સંસ્કૃતિના મહાન પ્રેમી બાબુ સાહેબે વિદ્વાન મુનિશ્રી **જિનવિજયજીની** અધ્યક્ષતા નીચે સીંધી જૈન ગ્રંથમાળા સ્થાપિત કરી જેને માટે તેઓશ્રી રૂા. ૫૦,૦૦૦) લગભગ ખર્ચ કરી ચુકયા છે, જેના ફળસ્વરૂપ તે ગ્રંથમાળામાં અમૂલ્ય ગ્રંથો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છપાઇ ચુકયા છે જેમાં પંડિત વીન્ટરનીઝ જેવા વિદ્વાનોએ પ્રશંસા પણ કરી છે.

ઉપરાંત એમને પ્રાચીન કળા સંસ્કૃતિનો ઘણો જ શોખ હતો. પોતાના મકાનમાં પ્રાચીન કળા-કૌશલ્યથી ભરેલી અનેક મૂર્તિઓ, હસ્તલેખિત જુના પુસ્તકો, તામ્રપત્ર તથા ભારતવર્ષના જુના સિક્કાઓનો પણ સંગ્રહ કરેલ છે. તેમજ ગમે તે પરદર્શનીને બાબુસાહેબ તે બધું સારી રીતે બતાવતા હતા. આવા ઉત્તમ ગુણોથી આકર્ષાઇને સન ૧૯૩૧ માં હિંદી સાહિત્ય સંમેલન મારફત બાબુસાહેબને સોનાનો ચાંદ પણ મળ્યો હતો. તદુપરાંત તેઓ સાહેબ રોયલ સોસાયટી ઑફ આર્ટસ લંડનના ફેલો હતા. તથા બંગાળની રોયલ એશીઆટીક સોસાયટી, બંગાળ સાહિત્ય પરિષદ, ધી ઇન્ડીયન રીસર્ચ ઇન્સ્ટીટયુટ વગેરે કેટલાય સભાના સભાસદો થઇ તન, મન અને ધનથી સેવા કરી છે. ઉપરાંત **"ભારતીય વિદ્યાભુવન, મુંબઇ"** ના ઉત્કૃષ્ટ સભ્યોમાંના તેઓશ્રી એક હતા. જ્યાં આપશ્રીએ રૂા. ૧૦૦૦૦૦) થી પણ વધારે ખર્ચી હિંદી સાહિત્યનો ઉત્સાહ આપે વધાર્યો છે.

ફેબ્રુઆરી ૧૯૩૫ માં કલકત્તામાં "ભારતીય કલા કૌશલ તથા ઉચ્ચ કલા તથા શિલ્પકળાના અખિલ ભારતવર્ષીય પ્રદર્શનના કાર્યવાહક દળ" માં એક પ્રમુખ નેતા હતા. તેમ જ મુંબઇ ઇ. સ. ૧૯૨૬ માં ભરાયેલ જૈન શ્વેતાંબર સંમેલનના તેઓ સાહેબ સભાપતિ હતા. આ સિવાય બીજી કેટલીય મહાન સભાઓમાં સભાપતિ બની અનેક વાર માન-મરતબો પામી કૃતકૃત્ય થઇ ગયા છો. જૈન સમાજના એક સાચા પ્રમુખ હોવા તરીકે હિંદી સાહિત્ય પરિષદમાં રૂા. ૧૨૫૦૦) પોતાની તે વિષય પ્રત્યેની ભાવનાઓ પ્રદર્શિત કરી છે ને મહાત્મા ગાંધીજી જ્યારે તેઓશ્રીની પાસે ચીત્તરંજન સેવાસદન માટે પધાર્યા ત્યારે પણ વિના વિલંબે આપશ્રીએ રૂા. ૧૦૦૦૦) આપી એ હિંદભરમાં પુજનિક મહાત્માના વચનને યથાર્થ માન આપ્યું હતું.

સન ૧૯૪૧ માં પોતાના બગીચામાં "સીંઘી પાઠશાળા" નામનો એક આકર્ષક શો કરીને અનેક સજ્જન ગૃહસ્થો, પ્રસિદ્ધ ઓરીસરો, બંગાળના ગવર્નર સર જોન આરથર હરબર્ટ તથા શ્રીમતી હરબર્ટ અને આજના વાઇસરોય લોર્ડ વીસકાઉન્ટ વાવેલને પણ આમંત્રણ આપેલ હતું. જે મેળામાં રૂા. ૪૫૦૦૦) જમા થતાં તે રકમ ઉપરાંત રૂા. ૧૧૦૦૦, પોતે આપી તે બધાય યુદ્ધકોષમાં આપી પોતાની કીર્તિ ઉજ્વળી હતી; તે ઉપરાંત રેડક્રોસમાં પણ રૂા. ૧૦૦૦૦) આપીને અનેક પીડિતોને મદદરૂપ બન્યા હતા. મુર્શીદાબાદ, માલદા ૨૪ પરગણા વગેરેના ફંડોમાં રૂા ૧૦,૦૦૦) આપી અનેક આત્માઓને મદદરૂપ બન્યા છે.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના મુંડકાનો પ્રશ્ન જ્યારે સમાજમાં કટોકટીનો બન્યો હતો ત્યારે તેની વિચારણા માટે ૧૯૨૬ ના જુલાઇ માસમાં મુંબઇખાતે કોન્ફરન્સનું ખાસ અધિવેશન મળેલ. આ સમયે જૈન સમાજનો મોટો ભાગ એકત્ર થયો હતો, આ અધિવેશનનું કાર્ય સુંદર રીતે પાર પાડવામાં તેઓ સાહેબે તેના પ્રમુખ તરીકે સેવા બજાવી છે. તેમજ શત્રુંજય તીર્થના પ્રકરણ ઉપર જે સુંદર પ્રવચન કર્યું હતું તે કદી ન ભૂલાય તેવું હતું.

## અનુકંપાદાન.

આ ઉપરાંત મહાન ઉપકાર લખતા ઘણો જ આનંદ થાય છે કે, જૈન કુળને શોભાવવા અને અનુકંપાદાન નામનો જૈનોનો જે સિદ્ધાંત છે તેને યથાર્થ રીતે અપનાવવા ઉપરાંત અનેક પામર મનુષ્યોને ઉપકારી બનવા માટે, ગઇ સાલ ૧૯૪૩ ના દુષ્કાળમાં જ્યારે રૂા. ૨૪) ના મણનો ચોખાનો ભાવ હતો ત્યારે જીયાગંજ, અજીમગંજ, જાગ્રા, ખંડકોલીયારી આદિ સ્થળોએ રૂા. ૮) ના મણના ભાવે ચોખા આપી તેમ જ ગરીબોને મફત ચોખા આપી અનેકને જીવાડ્યા હતા. અને ખરેખર દાનવીર દયાવારીધિ થયા હતા. તેમાં તેઓશ્રીને રૂા. ૩,૨૦૦૦૦) ની ખોટ સહન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવી પડી હતી તો પણ તેઓશ્રી શાંત થયા ન હતા. પરંતુ તેમના ગૃહસ્થ મિત્રો જેવા શિવજીભાઇ વગેરેને કહેતા હતા કે જો મને ચોખા ખરીદવાની પરમીટ મળે તો હજુ બીજા ૩-૪ લાખ રૂા. ખર્ચ કરૂં ને બંગાળમાં દુષ્કાળ નિવારવા બનતો પ્રયત્ન કરૂં. આ ભાવના આટલી હદે પહોંચેલી હોવાથી બહુ જ થોડા વીરલા જ ઉત્તમ પુરૂષ હોઇ શકે.

ઉપરાંત મારવાડી હોસ્પીટલ કલકત્તામાં રૂા. ૧૦,૦૦૦) તેમ જ શ્રી જૈન દેરાસરજી કલકત્તાને મુર્શીદાબાદમાં રૂા. ૧૧,૦૦૦) આપી મહાન લહાવો લીધો છે. રૂા. ૨૫૦૦૦) મુર્શીદાબાદનાં ગરીબોના ભોજન માટે તથા કાપડ માટે ખરચ કરવા છેવટે આપ્યા હતા વળી શ્રી યશોવિજય જૈન ગુરૂકુળને રૂા. સાડાસાત હજાર સ્કુલ કરવા અને આ સભાની વિનતિને માન આપી આમંત્રણથી ભાવનગર પધારી કાર્યવાહી જોઇ રૂા. ૫૦૦) આપી પેટ્રન સાહેબ થયાં હતા એટલે આ સભાને એક મહાન જૈન નરરત્ન ઉત્તમ પુરૂષની ખોટ પડી છે જે ન પુરાય તેવું છે. પોતે સર્વ જીવોને ખમાવી અરિહંત પ્રભુના ધ્યાનમાં પંચત્વ પામ્યા જેથી હિંદભરને એક ઉત્તમ હીરાની ખોટ પડી છે જે માટે અમે દિલગીર છીએ.

તેઓશ્રી પાછળ ત્રણ ઉત્તમ પુત્રો, તેમનો લાંબો પરિવાર, તેમ જ તેમના અનેક સગાસંબંધી મિત્રો વગેરેને શોકમાં મુકી પોતે સ્વર્ગીય બન્યા છે જે અતિશય દુઃખદ છે. પ્રભુ ! એ આત્માને ચિરકાળ શાંતિ આપો એ જ ઇચ્છા ને અભિલાષા.

## શ્રી દામોદરદાસ ત્રિભોવનદાસનો સ્વર્ગવાસ.

સુમારે ઓગણપચાસ વર્ષની ઉમર ગયા અશાડ વદી ૧૩ ના રોજ ભાઇ દામોદરદાર પંચત્વ પામ્યા છે. શેઠ ત્રિભુવનદાસ ભાણજી સુપુત્ર જે કે જૈન સમાજમાં સખાવતો વગેરે સુપ્રસિદ્ધના નબીરા હતા.

વારસામાં ઉતરેલ અનુકંપાથી સસ્તા અનાજની દુકાન આવી સખ્ત મોંઘવારીના વખતમાં ગરીબોને રાહત આપવા સસ્તા અનાજની દુકાન ખોલી હતી. કેળવણીના હિમાયતી હોવાથી તેઓશ્રો પિતાના નામથી ચાલતી જૈન કન્યા શાળામા હાલમા સહાયાર્થે રૂપીયા પંદર હજાર હજારની મદદ કરી હતી. આ સભાના લાઇફ મેમ્બર હોવાથી સભાને પણ એક પ્રતિષ્ઠીત સભ્યની ખોટ જણાશે, તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## શેઠ નગીનદાસ જીવણજીનો સ્વર્ગવાસ.

શ્રીયુત્ નગીનદાસભાઇ નવસારીના પ્રતિષ્ઠિત શહેરી અને શ્રીમંત જૈન હતા. થોડા દિવસ પહેલા તેમનો થોડા દિવસની બિમારી ભોગવી પંચત્વ પામ્યા છે તેઓ માયાળુ, મિલનસાર દેવ, ગુરૂ ધર્મના પૂર્ણ શ્રદ્ધાળુ હતા. તેઓ આ સભાના લાઇફ મેમ્બર હોવાથી એક અનુભવી અને સુજ્ઞ સભ્યની ખોટ પડી છે, તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રીપાળ રાજાનો રાસ.

## ચિત્રો અને વિસ્તારયુક્ત અર્થ સહિત.

એમ તો શ્રીપાળ રાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે. એ છતાં અમારા તરફથી બહાર પડેલ રાસને શા માટે શ્રેષ્ટ સ્થાન મળ્યું છે તે તમો જાણો છો ? આ રાસમાં નવપદજી મહારાજનું યંત્ર ખુબ શોધ કરીને રજુ કરવામાં આવ્યું છે સાથે આ રાસમાં વાંચકોની સરળતા માટે તેમજ આકર્ષણ માટે ખાસ નવા ચીત્રો તૈયાર કરાવી મુકવામાં આવેલ છે. ટકાઉ કાગળો ઉપર રાસની ઢાળો દૂહા મોટા ટાઈમાં તેનો અર્થ સુંદર ટાઈપમાં છપાયેલ છે. **છેવટમાં નવપદજી મહારાજની પૂજા. દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ.** વિધિ વિધાન ઉપયોગી સંગ્રહ પણ આમાં રજુ કરવામાં આવ્યો છે. એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે આ એક જ રાસ દરેક જાતની સગવડતા પૂરી પાડે છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબોમાં અમારા રાસને પ્રથમ સ્થાન મળેલ છે. તમોએ આજસુધીમાં જો રાસ ન વસાવ્યો હોય તો આજે જ મંગાવો. બીજા રાસો કરતાં આ રાસમાં ઘણી મહત્તા છે, આકર્ષક છે મૂલ્ય પણ તેના પ્રમાણમાં નામનું જ છે. મંગાવી ખાત્રી કરો. પાકું રેશમી પુઠું રૂા. ૨-૮-૦. પાકું ચાલુ પુઠું રૂા.૨-૦-૦ પ્રભાવના કરનારને જ ઓછી કિંમતે આપવામાં આવશે.

આવતા આસો માસમાં શાશ્વતી ઓળીના પવિત્ર દિવસો પાસે આવે છે તેમાં શ્રીપાળ રાસ અને શ્રી નવપદજીની પૂજા વિધિમાં ઉત્કૃષ્ટ સ્થાન ભોગવે છે માટે નીચેનો ગ્રંથ પણ અગાઉથી જ મંગાવો.

---

## શ્રી નવપદની પૂજા (વિસ્તારયુક્ત વિધિ વિધાન અર્થસહિત.)

પ્રભુ ભકિતમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથી જ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદની પૂજા** અમોએ તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને **નોટ** સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ-રંગ અને તેની સાથે વિવિધ પાંચ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી સુશોભિત બનાવેલું છે તથા શ્રી નવપદનો યંત્ર શુદ્ધ કરાવી મહોટી છબી કે જે આયંબિલ-ઓળી કરનારને પૂજા કરવા માટે ઉપયોગી છે તે બંને છબીઓ ઉંચા આર્ટ પેપર પર મોટો ખર્ચ કરી ઘણી સુંદર સુશોભીત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. કે જે અત્યાર સુધીમાં કોઇએ પ્રગટ કરેલ નથી. આ સાથે શ્રી સીદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય તેની સંપૂર્ણ **ક્રિયા વિધિ ચૈત્યવંદન, સ્તવન સ્તુતિઓ** અને સાથે **શ્રીમાન પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત** નવપદજીની પૂજાઓ દાખલ કરેલ છે ઉંચા એંટીક પેપર પર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઈપોથી છપાવી ઉંચા રેશમી કપડાના પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત ઉપર દૃષ્ટિ નહી રાખતા ગ્રંથની અધિકતા ઉપયોગી વસ્તુની વિવિધતા સર્વ સુંદરતાનો ખ્યાલ નજરે જોવાથી ખરીદ કરી મુકાબલો કરવાથી જણાય છે. અમારી સુંદર સાહિત્યના પ્રકાશન દૃષ્ટિએ તેની કીંમત યોગ્ય રાખેલ છે. કિંમત રૂા. ૧-૪-૦ પોસ્ટેજ અલગ. પાના ૨૦૦.

---

## શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર (છાંયા ભાષાંતર વગેરે સહિત.)

આ બુક નિર્ણય સાગર પ્રેસમાં મુંબઇ ઉંચા કાગળો ઉપર શાસ્ત્રી અક્ષરથી સુંદર કપડાના પાકા બાઈંડીંગથી અલંકૃત કરે છે. ઘણી જ થોડી નકલો સીલીકે છે. કિંમત રૂા. ૩-૦-૦. બધા ગ્રંથોનું પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431


## સત્ત્વશાળી અને આદર્શ પુરુષચરિત્રો.

૧. સુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા ( ચરિત્ર ) ૧-૦-૦
૨. જૈન નરરત્ન ભામાશાહ ... ૨-૦-૦
૩. પૃથ્વીકુમાર ચરિત્ર ... ... ૧-૦-૦
૪. સમરસિંહ ચરિત્ર ( સમરાશાહ ) શ્રી શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ... ૦-૨-૦
૫. શ્રી કર્માશાહ ચરિત્ર શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ... ૦-૪-૦
૬. કલિંગનું યુદ્ધ યાને જૈન મહારાજા ખારવેલ ... ૦-૧૨-૦
૭. શ્રી સુરસુંદરી ચરિત્ર. ખાસ વાંચવા લાયક ... ૧-૮-૦
૮. શ્રી વિજયાનંદસૂરિ ... ... ૦-૮-૦

## દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનોના સુંદર સચિત્રો સહિત વિસ્તાર પૂર્વક ગ્રંથો.

૧ શ્રી આદિનાથ ચરિત્ર... ... રૂા. ૫-૦-૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... ... રૂા. ૧-૮-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજોભાગ) રૂા. ૨-૦-૦
૪ શ્રી વિમલનાથ ચરિત્ર ... રૂા. ૧-૧૨-૦
૫ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર ... રૂા. ૨-૮-૦
૬ શ્રી મહાવીર ચરિત્ર ... ... રૂા. ૩-૦-૦
૭ શ્રી ચોવીશ તીર્થંકર ભગવાનના ટુંકા ચરિત્રો મુખપાઠ કરવા લાયક રૂા. ૦-૧૦-૦

## શ્રી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાનું અમૂલ્ય સાધન.

### શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે )

( વિસ્તાર પૂર્વક વિવેચન તથા મંડળ સહિત )

વિસ્તાર પૂર્વક વિધી વિધાન, નોટ ચૈત્યવંદન, સ્તવનો, મંડળ વિગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રગટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરાવનાર, મહાન તપ છે તેનું આરાધન કરનાર બ્હેન ત્થા બંધુઓ માટે આ ગ્રંથ અતી મહત્વનો છે. અને ઉપયોગી પણ છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે, તેમ કોઈ અત્યાર સુધી જાણતું પણ નહોતું છતાં અમોએ ઘણી શોધખોળ કરી, પ્રાચીન ઘણીજ જુની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી ફોટા, બ્લોક, કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. ને ખાસ દર્શનીય છે આ એક અમુલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જીનાલય, ઉપાશ્રય, જ્ઞાન ભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભીત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. પાના ૨૦૦ છતાં કીમત ૧-૦-૦ રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-

## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા-સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. પં૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.


મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only